પંચામૃતમ્



રચયિતાઃ

કુલીનચંદ્ર ગ. ઉપાધ્યાય

॥ પિતૃદેવો ભવ ॥ ॥ માતૃદેવો ભવ ॥





સ્વ. પૂ. ગણપતિશંકર ભા. ઉપાધ્યાય (પાપીગણુ)

જન્મઃ ૧૦-૦૭-૧૯૦૬

દેહવિલયઃ ૧૧-૧૦-૧૯૯૪

સ્વ. પૂ. અ.સૌ. જયાગૌરી ગ. ઉપાધ્યાય

જન્મઃ ૨૦-૦૭-૧૯૧૦

દેહવિલયઃ ૧૨-૦૪-૧૯૯૨

પંચામૃતમ્

પ્રકાશક : શ્રી હર્ષલ કુલીન ઉપાધ્યાય

રચયિતા : શ્રી કુલીન ગ. ઉપાધ્યાય

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય

આવૃત્તિ : દ્વિતીય
પોષ સુદ ૬, બુધવાર
તા. ૧-૧-૨૦૨૦

હર્ષોદ્‌ગાર

વ્યક્તિ જ્યારે ૬૦ વર્ષ પૂરા કરે ત્યારે એના જન્મ વખતના ગ્રહો ફરી પાછા એ જ સ્થાનમાં આવતા હોય છે. આને કારણે ષષ્ઠિપૂર્તિ વર્ષ ઉજવવાની પ્રથા છે. વ્યક્તિ જ્યારે ૮૦ વર્ષ પૂરા કરે ત્યારે એણે પોતાના જીવનમાં ૧૦૦૦ વાર પૂનમના ચંદ્રના દર્શન કર્યા હોય છે. તેથી આ વર્ષને સહસ્ર ચંદ્રદર્શન વર્ષ તરીકે ઉજવવાની પ્રથા છે.

તા. ૧લી નવેમ્બર, ૨૦૧૯ના રોજ મારા ૮૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે મારા સ્વરચિત ૮૦ ભજનોનો ભજનસંગ્રહ પ્રકાશિત કરવાની મારા સુપુત્ર ચિ. હર્ષલને ઈચ્છા થઈ. ભજનોને છપાવવાને બદલે e-book તરીકે પ્રકાશિત કરવાનું એણે વિચાર્યું. પર્યાવરણ પ્રત્યેની સભાનતાના આ જમાનામાં ઝાડને સુરક્ષિત રાખવા એણે આવો ઉમદા વિચાર રાખ્યો છે.

ભજનોની સાથે સાથે પરિશિષ્ટમાં અન્ય રચનાઓ રજૂ કરી છે. પોતાનું સર્જન દરેકને અત્યંત વહાલું હોય છે. આ સર્જનને સમાજ સમક્ષ આ રીતે રજૂ કરવાના એના પ્રયાસને હું સફળતા ઈચ્છું છું અને અભિનંદન આપું છું.

'કુલીનગણુ', 'પાપીગણુ' નામથી રચિત આ ભજનોનું પ્રેરક બળ મારી પત્ની અંજની પણ રહી છે. તેનું પણ સ્મરણ કરું છું.

ભગવાન રંગ અવધૂતજીની અને પ.પૂ. પ્રેમ અવધૂતજીની કૃપા-વર્ષા મારા પરિવાર ઉપર અજસ્ર રીતે વરસે એવી પ્રાર્થના કરીને વિરમું છું.

આ નવતર પ્રયોગને નવી પેઢી જરૂરથી આવકારશે એવી શ્રદ્ધા.

અમદાવાદ

• કુલીન ઉપાધ્યાય



ભાવોદ્ગાર

પિતાશ્રી- પપ્પાની ષષ્ઠિપૂર્તિની ઉજવણી પ્રસંગે ૬૦ ભજનોનો સંગ્રહ **'પંચામૃતમ્'** નામથી પ્રકાશિત થયો હતો. ડૉ. ઈન્દુકાકા દવેએ પ્રકાશનની જવાબદારી સ્વીકારી હતી. શ્રીગણેશ, શ્રીશંકર, અંબેમાતા, સદ્ગુરુ તથા અન્ય વિષયો પ્રત્યેના ભજનોનો સંગ્રહ હતો એટલે **પંચામૃતમ્** નામ આપ્યું હતું.

પપ્પાને ૧લી નવેમ્બર, ૨૦૧૯ના રોજ ૮૦ વર્ષ પૂરા થયાં એના આનંદમાં પપ્પા રચિત ૮૦ ભજનોની e-book પ્રકાશિત કરવાનો વિચાર આવ્યો. પૂ.પપ્પાએ આજ સુધીમાં રચેલા લગભગ બધા જ ભજનોનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત એમની અન્ય રચનાઓનો સમાવેશ પણ 'પરિશિષ્ટ'માં કર્યો છે. સમશ્લોકી, કવિસંમેલનની રચનાઓ, પાદુકાપૂજનનું ભાવાંતર વગેરે પણ પરિશિષ્ટમાં સમાવી લીધા છે. વૈવિધ્યસભર આવું સાહિત્ય સર્જન પ્રકાશિત કરવાની તક આપવા બદલ ભગવાન શ્રીરંગ અવધૂત બાપજીના અને પ.પૂ. પ્રેમ અવધૂતજી- બાપુજીના ઋણી છીએ.

આમાંથી મોટા ભાગનાં ભજનો આપણા રંગપરિવારનાં ઘણાં લોકોએ ગાએલા, માણેલા હશે. પપ્પાએ રચેલા ભજનો પપ્પા-મમ્મી સાથે બેસી સ્વરબદ્ધ કરતાં એ માણવું અમારા માટે મોટો લ્હાવો હતો. પપ્પાની વિશેષતા જ એ છે કે એમણે માત્ર ભજન લખ્યાં એટલું જ નહિ, એને સ્વરબદ્ધ કર્યાં, ગાયાં, ગવડાવ્યાં, સમજાવ્યાં... **'ચંદન નારેશ્વરની માટી'** જેવા અમુક ભજનો તો રંગપરિવાર માટે જાણે રાષ્ટ્રગીત જેવા બની રહ્યાં.

પર્યાવરણ પ્રત્યેની સભાનતારૂપે આ ભજનસંગ્રહ પુસ્તકરૂપે પ્રકાશિત કરવાને બદલે e-book રૂપે પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે. આશા છે કે આજની નવી પેઢી આ વિચારને આવકારશે. e-bookનો વપરાશ દિવસે-દિવસે વધતો જાય છે અને દેશ-વિદેશમાં એક જ ક્લિકથી પહોંચી જાય છે. આપણા સાહિત્યના Digitizationનો આ નમ્ર પ્રયાસ છે. આશા છે આ પથ પર આપણે આગળ વધશું.

પૂ.પપ્પાએ ૮૦ વર્ષ પૂરા કર્યા એની ઉજવણીરૂપ વિચારેલા આ પ્રયત્નને બધા આવકારશે એવી શ્રદ્ધા છે. અમારા હૃદયમાં પૂ.પપ્પા પ્રત્ય જે ભાવ હતો તેને




પ્રસ્તુત કરવા માટે રજૂ કરેલો આ ઉદ્ગાર બધાને ગમશે એમ માની લઈએ છીએ. આ ભાવને મૂર્તસ્વરૂપ આપવામાં અમારા કુટુંબીજનો ભાઈશ્રી હાર્દિક ઉપાધ્યાયનો અને અપર્ણા ઉપાધ્યાયનો સાથ મળ્યો છે એનો ગૌરવસહ વિશેષ આનંદ છે.

ભગવાન રંગાવધૂતજી અને પ.પૂ. પ્રેમ અવધૂતજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

• હેતલ-હર્ષલ-જૂઈ
હીર-નિર્જરી-સ્વર






Panchamrutam

Index




પંચામૃતમ્

અનુક્રમણિકા









ભજન-૧

નિર્વિઘ્ને પૂરો આ કરજો પ્રસંગ,
કૃપા તારી યાચવા આવ્યો છું રંગ. ...ટેક.
પ્રેમે પધારજો દત્તપ્રભુ સંગ. ...કૃપા.

તારી કૃપાથી આ કાર્ય આરંભું
સમરૂં છું **ગણપતિ** ને મા **જયા** ને શંભુ,
રાજા રણછોડરાય વંદું મુની સંત. ...કૃપા.

શક્તિ ના, ભક્તિ ના તોયે યાચું છું,
લાજ હવે હાથ તારે કૃપા માગું છું,
હેત-હર્ષ થાય બધા માણે ઉમંગ. ...કૃપા.

તારો પ્રસંગ વળી બાળક પણ તારો,
પાપીગણુ તો કેવળ નિમિત્ત થાનારો,
નિમિત્ત થવાનો પણ નોખો આનંદ. ...કૃપા.

(૧૩-૧-૮૧)



ભજન-૨

નિર્વિઘ્ને પૂરો આ કીધો પ્રસંગ,
રંગ ખરેખર તેં તો રાખી દીધો રંગ.
તારી કૃપા જોઈ થયા સહુ દંગ. ...રંગ.

આવી રહેજો એવું એક વાર કીધું,
કહેતાની વારમાં સંભાળી લીધું,
સાકાર કીધા બધા મનના તરંગ. ...રંગ.

તારી કૃપાને આ સંસારી શું સમજે?
પાપીગણુ તો કેવળ રડવાનું સમજે,
ખોળે લઈ માથું પંપાળે શ્રીરંગ. ...રંગ.

(સને ૧૯૮૨)



---

૧. **બાલાનાં રોદનં બલ**- બાળકનું બળ રડવું એ.

ભજન-૩

હે... તારો થાયે સઘળે જય જયકાર,
ગણપતિ બાપા મોરયા. ...ટેક.

રિધ્ધિ સિધ્ધિના સ્વામી તમે છો,
લાભ ને **શુભ**નો પુત્ર પરિવાર. ...ગણપતિ.

સગુણ સાકાર વળી નિર્ગુણ નિરાકાર,
ગજવદન ને છો ૐકાર. ...ગણપતિ.

પાપીગણુને સન્મતિ દેજો
દેજો વ્હાલા વિમલ વિચાર. ...ગણપતિ.



ભજન-૪

શિવ કેશવની રીત પ્રીતની નોખી ને નિરાળી રે,
જય જય હે ત્રિપુરારિ-મુરારિ.

શ્રાવણ મહિનો શિવનો મહિનો મહિમા એનો ભારી,
એ મહિમાને વધારવાને પ્રગટ થયા ગિરિધારી.

ગોકુળ ગામે દર્શન કાજે ભીડ જામી અતિ ભારી,
ગિરિધારીના દર્શન કાજે દોડ્યા ગંગાધારી રે.

હજાર કમલે શિવને પૂજવા બેઠા ચતુર્ભુજધારી[૧],
કમલ ખૂટ્યું ત્યારે નેત્ર કમલથી પૂજા કરે છે મોરારિ.

શિવ કેશવમાં ભેદ ન જોશો હે પામર સંસારી,
શિવ ભજો કે કેશવ ભજો કહે **પાપીગણુ** પોકારી.



૧. હરિસ્તે સાહસ્રં કમલબલિમાદાય પદયોઃ
યદેકોને તસ્મિન્ નિજમુદહરન્નેત્રકમલમ્ ।
ગતો ભક્ત્યુદ્રેકઃ પરિણતિમસૌચક્રવપુષા
ત્રયાણાં રક્ષાયૈ ત્રિપુરહર જાગર્તિ જગતામ્ ॥
(મહિમ્ન સ્તોત્ર)

ભજન-૫

હે કરુણાના સાગર! સાગર તારા ચરણ પખાળે,
...હે તારા ચરણ.

આનંદની ના અવધિ જલધિ નિશદિન છોળ ઉછાળે,
...હે તારા ચરણ.

અનાથના નાથ સોમનાથ છો,
અશરણ-શરણ દીનાનાથ છો,
દુઃખિયા આવે દ્વારે. ...હે સહુ તારા ચરણ.

સુર કાજે પીધી વિષ પ્યાલી,
જગ કાજે શિર ગંગાધારી,
ત્યાગીને તું મ્હાલે. ...હે સહુ તારા ચરણ.

દેવોમાં મહાદેવ મનાયો,
ભાલચંદ્રને **ગણુ** મન ભાયો,
કુલ સકલને તારે,
જો તારા ચરણ પખાળે. ...હે સહુ તારા ચરણ.



ભજન-૬

ઓ દુનિયાના દુઃખ હરનારા, તું જાતે દુઃખી કેમ થયો?
મા-બાપને જોયા બંધનમાં, પછી ગોકુળમાં તું કેમ ગયો?

તું ચૌદ ભુવનનો છે સ્વામી, ઘટઘટ વ્યાપી અંતર્યામી;
સુંદર સઘળાં સ્થળ છોડીને તારો જનમ જેલમાં કેમ થયો?

તું અજય, અભય ને અવિનાશી, પછી કોની બીકે તું ગયો નાસી?
મધરાતે ને ભર વરસાદે, તું કે'ને શીદ હેરાન થયો?

તું જગદ્ગુરુ[૧] ને યોગેશ્વર, ગીતા-ભાગવતનો જ્ઞાનેશ્વર,
નિર્બંધ છતાં વ્રજગોવાળણનાં બંધનમાં તું કેમ રહ્યો?

પ્રારબ્ધ સહુએ ભોગવવાનું, કર્માધીન સુખદુઃખ મળવાનું;
સંસારી એમાં શું સમજે? પણ **પાપીગણુ** તો સમજી ગયો.



૧. કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ।

ભજન-૭

કહે ઠાકોરજી સૂણ પૂજારી દુઃખ હૃદયનું મારું રે,
તારી પૂજા કેમ સ્વીકારું?

કરે દૂધનો અભિષેક ને અત્તરથી નવરાવે,
દૂધ વિના ટળવળતાં બાળની કેમ દયા ના તને આવે? ...તારી પૂજા.

ગુલાબ, ચંપો, મોગરા કેરી માળ લાવે તું મારે માટે,
વસ્ત્ર વિનાના વૃદ્ધજનોની કાયા કેમ ના ઢાંકે રે. ...તારી પૂજા.

રોજ રોજ તું નવા નવા પકવાન મને રે ધરાવે,
ભૂખ્યા જનોના પેટ જોઈને મને ખાવાનું નહિ ભાવે રે. ...તારી પૂજા.

તને ગમે તે કર્યા કરે તું, મને ગમે તે નથી કરતો,
દેવને આગળ રાખી પૂજારી તારી તિજોરી તું ભરતો. ...તારી પૂજા.

દેવે દીધું તે દઈ બીજાને આંતરડી જો તું ઠારે,
કહે ઠાકોરજી સૂણ **ગણુપાપી** બળતાંને જો તું ઉગારે,
તો તારી પૂજા રોજ સ્વીકારું.



ભજન-૮

છોડી સોનાની દ્વારિકા કેમ? ડાકોર તું દોડી આવ્યો?
રંગીલા રાજા ડાકોર કેમ દોડી આવ્યો?

દુઃખ એવું શું દ્વારિકામાં તૂટી પડ્યું રે તારે માથે,
ગાડું ચલાવ્યું જાતે ને વળી રાત લીધી આખી માથે. ...રંગીલા.

ગોમતીના જળમાં જદુનાથ તું તે દિ' શીદ સંતાયો?
ધરણીને તું તો ધ્રૂજાવનારો, ગૂગળીથી ગભરાયો. ...રંગીલા.

ભલ ભલાના પાણી ઉતારનાર હે વાંકા વનમાળી,
જાહેરમાં કેમ હલકો દેખાણો? ભારે બની ગઈ વાળી. ...રંગીલા.

હસીને ગાલમાં બોલ્યા ગિરિધારીલાલ સત્યવચન એક ભાખું,
ભક્તને રાજી રાખવા હું તો નહિ કરવાનું કરી નાંખું.
રંગીલા રાજા આવ્યો બોડાણાને માટે. ...રંગીલા.

પાપીગણુ કે ભક્તોને કાજે વ્હાલો વેશ ધરે વનમાળી,
નારી બને, એ તો સાડી બને, અરે ઉંચકે એઠી પતરાળી. ...રંગીલા.



ભજન-૯

જાગો જાગો હે રણછોડ રાયા!
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ...ટેક.
તારા પ્રેમની લગાડી તેં માયા. ...રંગ.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ...રંગ.

(ધૂનઃ ગોવિંદ જય જય ગોપાલ જય જય)

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ...રંગ.

(ધૂનઃ ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે)

સૂણો **પાપીગણુ**ના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા. ...રંગ.

(શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે)[1]



૧. શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે
હે નાથ નારાયણ વાસુદેવ ।
હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ
ગોવિંદ દામોદર માધવેતિ ॥

ભજન-૧૦

(આજ અમે પાણી ગ્યા'તા સહિયર મોરી... એ રાહ)

આજ મારે આંગણિયે અંબાજી આવશે,
સખી સહુ આવજો રાતે,
(કે) માડી મારી ગરબો ગવરાવશે જાતે.

પાવાની પટરાણી પધરાશે,
જય જગદંબાની સાથે. ...માડી મારી.

હે... પાવાની પટરાણી, કે' બે'ની એની અમી નીતરતી વાણી,
સોળે શણગાર સજી શક્તિ મા આવશે,
ઘૂમવા આજની રાતે. ...માડી મારી.

હે... દીવડામાં મા-દુર્ગા ને ચંપામાં* ચામુંડા દેખાયે,
કંકુમાં કાળી ને ગબ્બર ગુલાલમાં,
અંબા અબીલમાં ભાસે. ...માડી મારી.

હે... માતા ગરબો ગાશે, પહેરાવીશ હાર હું મારે હાથે,
આરતી ઉતારીને પગે પડીશ ત્યારે,
મૂકશે હાથ મારે માથે. ...માડી મારી.



---

* ગુલાબમાં ગબ્બરવાળી, જૂઈમાં જગદંબાજી, કેવડામાં કાલિકા.

ભજન-૧૧

છોડીને ઊંચા નીચા ડુંગરા રે, મા તમે આવી વસો અમારે આંગણે.
છોડીને ગબ્બરની ગોખ રે, મા તમે આવી વસો અમારે આંગણે.

રૂડી માંડવડી બંધાવું રે, મા તમે આવી વસો અમારે આંગણે,
રોજરોજ ગરબા ગવરાવું રે, મા તમે આવી વસો અમારે આંગણે.

ભક્તિથી હૈયુ કર્યું સાફ રે, મા તમે આવી વસો અમારે આંગણે,
ભૂલ-ચૂક-ગુના કરો માફ રે, મા તમે આવી વસો અમારે આંગણે.

મનનું મંદિર શણગારું રે, મા તમે આવી વસો અમારે આંગણે,
શિરનું આ શ્રીફળ ધરાવું રે, મા તમે આવી વસો અમારે આંગણે.

પાપીગણુનું કહેવું માનજો રે, મા તમે આવી વસો અમારે આંગણે,
બાળકને મન '**મા**' ભગવાન રે, મા તમે આવી વસો અમારે આંગણે.



ભજન-૧૨

(રાગઃ બાગેશ્રી)

ઝાંઝરને ઝણકારે, મા આવ્યા મુજ દ્વારે. ...ઝાંઝરને.

તોરણ બાંધ્યા, પૂર્યા સાથિયા, દ્વારે દ્વારે દીપ જલાવ્યાં,
ફૂલડાં વેર્યાં ભાતભાતના પુનિત આ પગથારે. ...ઝાંઝરને.

જગમાં સઘળે આનંદ મંગલ, ઘરમાં '**મા**'ના દર્શન હર પલ,
સુખ શાંતિની ફોરમ ફરકી અસાર આ સંસારે. ...ઝાંઝરને.

'**મા**'નું સુખ હર બાળક ખોળે, મૂકી માથું માના ખોળે,
પાપીગણુ સૂતો નિરાંતે મા એને પંપાળે. ...ઝાંઝરને.



ભજન-૧૩

તેં મને વરદાન દીધું,
હું માગું તે આપવાનું કીધું,
વિનતી મારી, પાછા વહેલા પધારજો માડી.
તેં મને ભારે માયા લગાડી. ...પાછા વહેલા.

માડી જાય ત્યારે રડવું અશુભ માનું છું,
વસમી વિદાય હસીને તેથી આપું છું,
અંતર રડશે ને હૈયું બળશે જોઈ ઓરડો ખાલી. ...પાછા વહેલા.

તારી કૃપાથી મારી આ લીલી વાડી રહે,
એમાં રહી તને ભજું એવું વરદાન દે,
પાપીગણુના સંકટો ટાળનારી. ...પાછા વહેલા.



ભજન-૧૪

ભક્તોને કાજ આજ નીકળી હો રાજ,
'મા'ની સવારી...
'મા'ની સવારી, શી બલિહારી! ...ભક્તોને.

'મા'ના તે પગમાં ઝાંઝરિયા ઝમકે,
રથના ઘૂઘરિયા ઘમકે હો રાજ. ...'મા'ની.

સખીઓની સંગે, ફરો ઉમંગે,
નીકળી સવારી રંગે ચંગે હો રાજ. ...'મા'ની.

પાપીગણુને ઘેર, આજે લીલા લહેર,
'મા'એ પધારી કરી મહેર હો રાજ. ...'મા'ની.



ભજન-૧૫

માડી! મારે મન મંદિરિયે મૂર્તિ મઢી મેં તારી રે,
પ્રેમે પધારો પાદ પખાળું પાવાની પટરાણી રે. ...માડી.

અંતરના આંગણિયે આવો અંબા આરાસુરવાળી રે,
રૂદિયાના રંગે રંગોળી પૂરી મેં મહાકાળી રે. ...માડી.

દિલનો મેં તો દીવો કીધો તનને તેમાં બાળું રે,
આત્માની આ આરતીમાંહી જીવનજ્યોત જલાઉં રે. ...માડી.

પ્રાણના પુષ્પે ગૂંથેલો આ હૈયાનો હાર ચઢાવું રે,
તારે માટે મારા માથાનો મુગટ હું મઢાવું રે. ...માડી.

[૧]ગાત્રના આ ઘરમાં ઘૂમો ગરબે ગબ્બરવાળી રે,
પાપીગણુને દર્શન દેજો દુઃખડાં દેજો ટાળી રે. ...માડી.



૧. શરીર.

ભજન-૧૬

હે રંગજનની! હે રુકમામ્બા!
હે જગજનની! હે જગદમ્બા!

શુક યોગીસમ નિર્મળજ્ઞાની,
રંગ દીધો તેં માત ભવાની,
યોગીવર દઈ યોગીજનોને,
ભવજલ તરવા નૌકા દીધી. ...હે રંગજનની.

સંત મહંત ગુરુ સંન્યાસી,
પરબ્રહ્મની કરવા ઝાંખી,
કરે લોહીનું પાણી, એને
દત્ત પ્રતિમા જીવતી દીધી. ...હે રંગજનની.

આ ભવરણમાં '**મા**' જે ભટકતાં,
પ્રેમતૃષાથી જો ટળવળતાં,
ભજન-પ્રેમ ભક્તિ ઘૂંટ ભરવા,
'**મા**' મીઠી તેં વિરડી દીધી. ...હે રંગજનની.

રાય-રંક હો, હો નર નારી,
હોય ભલે સાધુ-સંસારી,
પાપીગણુ ભવરોગ મટાડે,
'**મા**' એવી જડીબુટ્ટી દીધી. ...હે રંગજનની.

(તા. ૨૩-૭-૯૭)



ભજન-૧૭

(રાગઃ માલકૌંસ)

મન! બોલ બોલ ગુરુદેવ દત્ત (૨)
ગુરુદેવ દત્ત, દત્તનામ સત્. ...મન.

અજપાજપ બસ જાપ જપાયે,
શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાયે,
સ્મરણમહીં જીવન વહી જાયે. ...મન.

અનન્યભાવે શરણ ગ્રહી લે,
યોગ-ક્ષેમ સૌ ચરણ ધરી દે,
ભાવ ભક્તિથી હૈયું ભરી લે. ...મન.

પ્રાણ પ્રયાણ સમય સચવાયે,
દત્તપ્રભુનાં દર્શન થાયે,
પાપીગણુ પાવન થઈ જાયે. ...મન.

(સને ૧૯૭૯)



ભજન-૧૮

(રાગઃ ભૈરવી)

શ્રીદત્ત શ્રીદત્ત શ્રીદત્ત સ્મરતાં ઊઠો પ્રભાતે પ્રાણી.
ઊઠો પ્રભાતે પ્રાણી રે, મનવા! ઊઠો પ્રભાતે પ્રાણી.

શ્વાસે શ્વાસે દત્ત સ્મરી લે,
નામસ્મરણનું અમૃત પી લે,
ભવજલાંબુધિ પારણનૌકા, નામ દત્તનું માની. ...ઊઠો.

નામ સુધારસ જે જન ચાખે,
કાળ ન આવે એની પાસે,
આધિ વ્યાધિ ઉપાધિ નાસે, થાય સુખની લ્હાણી. ...ઊઠો.

હરતાં ફરતાં કામો કરતાં,
રાત દિવસ રહો દત્તને રટતાં,
અસાર આ સંસારે સાર છે, નામ દત્તનું જાણી. ...ઊઠો.

સર્વ સુલભ આ સાધન છોડી,
વૃથા મરે શીદ અહીં તહીં દોડી,
પાપીગણુ તો **રં**ગચરણમાં સૂતો છે સોડ તાણી. ...ઊઠો.

(જુલાઈ, ૧૯૯૬)



ભજન-૧૯

(રાહ : આશા કરીને દોડી આવીયો રે...)

આવી આષાઢી પૂર્ણિમા રે, આજ આનંદ ઉલ્લાસ (૨)
કરીએ પૂજન પ્રેમથી, આવો ગુરુમહારાજ
ગુરુમહારાજની જય જય. ...ટેક.

હે... ગુરુજી બ્રહ્મા, વિષ્ણુ સદાશિવ કેરો અવતાર,
ગુરુજી પોતે પરબ્રહ્મ છે, એને વંદન હજાર. ...ગુરુમહારાજ.

હે... **'ગ'કાર** ગણપતિ જાણજો રે, **'ર'કાર** વહ્નિ સ્વરૂપ,
'ઉ'કાર શ્રીહરિ રૂપ છે, ગુરુત્રિતય સ્વરૂપ. ...ગુરુમહારાજ.

હે... હરિકૃપા થઈ જાણવી રે મળે માનવ અવતાર,
ગુરુકૃપા થઈ જાણવી, એ છોડાવે સંસાર. ...ગુરુમહારાજ.

હે... **પાપીગણુ** ઉતારે આરતી ને મૂકે ચરણોમાં શીશ,
વરદ હસ્ત પધરાવીને રંગ આપે પ્રેમાશિષ. ...ગુરુમહારાજ.



ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુઃ ગુરુ દેવો મહેશ્વરઃ ।
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

ગકાર ગણપતિ જાણ તું, **ર**કાર વહ્નિ સ્વરૂપ,
ઉકાર શ્રીહરિરૂપ છે, શ્રીગુરુ ત્રિતય સ્વરૂપ.
(ગુ.લી. અ. ૩ દો. ૪)

હરિકૃપા તબ જાનિયો જબ દે મનુજ અવતાર,
ગુરુકૃપા તબ જાનિયો જબ છોડાવે સંસાર.

ભજન-૨૦

(રાહ : અબ તેરે સિવા કૌન મેરા કૃષ્ણ કનૈયા)

તન તંબુરો, મન મંજિરા, મારા ગરીબનો એ સાજ;
આવાહન કરું છું આવજો શ્રીસદ્‌ગુરુ મહારાજ.

બ્રહ્મા વિષ્ણુ ને મહેશ તમે સર્વશક્તિમાન,
કૃપા જો હોય આપની આવી મળે ભગવાન;
દાસાનુદાસ છું, તમે મારા જ છો મહારાજ. ...આવાહન.

ધ્યાનમૂલ મૂર્તિ આપની ને વાક્ય મંત્રમૂલ,
પૂજામૂલ પાદ, મોક્ષમૂલ ગુરુકૃપા જરૂર;
સર્વશ્રેષ્ઠ એક ગુરુકૃપા[1] એ શાસ્ત્રનો અવાજ. ...આવાહન.

અંધકાર 'ગુ'કારે '**રુ**'કારનો થશે પ્રકાશ[2],
હું રાંકને ઘરે આવશો એવો મને વિશ્વાસ;
આશ ધરી, આજે તમારી, કરશો ના નારાજ. ...આવાહન.

પાપીગણુની પ્રાર્થના પ્રભુ પ્રેમે પધારો,
દુઃખ પાપ ટળે, જન્મ ફળે, એવી કૃપા કરો,
ગુરુ ૐ ગુરુ ૐ ગુરુ ૐ રટે શ્વાસ. ...આવાહન.

(સને ૧૯૫૭)



---

૧. ગુરુકૃપાહિ કેવલમ્ । ૨. ગુકારશ્ચાન્ધકારો રુકારો તેજરુચ્યતે ।

ભજન-૨૧

દુઃખ અમોને ઘેરી વળ્યું ત્યારે દુઃખને કોણે ઘેર્યું?
ઓ સંતો મારા! દુઃખને કોણે ઘેર્યું? ...ટેક.
મોત બેઠું'તું બારણામાં ત્યારે મોતને કોણે ઘેર્યું? ...રે સંતો.

મધદરિયે આ નાવડી નાની મારી વા-વંટોળમાં ફસાણી,
બચવાની નાશ આશ જરીએ એને અંદર-બહાર બધે પાણી. ...રે સંતો.

યાદ કર્યા ત્યાં આવ્યા પ્રકાશાનંદ બેઠા પલાઠી મારી,
ડૂબેલી મારી નાવડીને એણે પલમાં લીધી ઉગારી. ...રે સંતો.

લાકડી લઈને અડીખમ ઊભા પેલા રંગ અવધૂત અલગારી,
મધદરિયે મારી ડૂબતી નૈયા એમણે લીધી બચાવી. ...રે સંતો.

પાગલ પરમાનંદ પધાર્યા ભક્તની રક્ષા કાજે,
મસ્તક પર બસ! હસ્ત ધરીને એ તો આશિષ આપે. ...રે સંતો.

પાપીગણુની ટળી પનોતી ને નૈયા આવી કિનારે,
ઘરમાં સઘળે આનંદ મંગલ સદ્‌ગુરુકૃપા સહારે. ...રે સંતો.



ભજન-૨૨

(અમે મહિયારા રે... એ રાહ)

અમે બાલુડાં રે, રંગ પરિવારના,
રહીશું હળીમળી ભેળાં બાલુડાં રે. ...રંગ.

માત, તાત, ભ્રાત, સખા નારેશ્વનો નાથ છે,
સુખમાં ને દુઃખમાં સદા એનો સંગાથ છે,
હાં રે અમે રંગાની ભક્તિમાં ઘેલાં બાલુડાં રે. ...રંગ.

રંગાજી રાજી રહે એવા કામ કરશું,
રંગાની ભક્તિમાં જીવીશું ને મરશું,
હાં રે અમે રંગાની ભક્તિમાં ડૂબેલાં બાલુડાં રે. ...રંગ.

ભૂખ્યાં ને દુઃખિયાંનાં આંસુડાં લૂછશું,
આપવાનું શીખીને માંગવાનું ભૂલશું,
હાં રે અમે ભરીશું પરિવાર-**પ્રેમ**-મેળાં બાલુડાં રે. ...રંગ.

પાપીગણુ રંગતણો એક જ આધાર છે,
જીવનનાં જંગમહીં એનો જયકાર છે,
હાં રે અમે **રંગાના પ્રેમ**ને વરેલાં બાલુડાં રે. ...રંગ.

(તા. ૩૧-૧૨-૧૯૯૦)



ભજન-૨૩

અવધૂત અલગારી! ઓ અવધૂત અલગારી!
મારી આ નાવને લેજો સંભાળી,
દત્તાવતારી ઓ દત્તાવતારી! ...મારી આ.

ઝાઝો છે ભાર ને નૈયા છે નાની,
અંધારું ઘોર બધે દરિયો તોફાની,
તારે ભરોસે મેં તો નૈયા શણગારી. ...મારી આ.

ડૂબે આ નાવ કે જાયે કિનારે,
સોંપી દીધું હવે જોવાનું તારે,
રંગ! તારા રંગે મેં નૈયા શણગારી. ...મારી આ.

શરણું લીધું હવે શીદને ગભરાવું?
તુજને છોડીને રંગ બીજે ક્યાં જાઉં?
એક મને ઓથ તારી ભારી રંગારી! ...મારી આ.

સંભાળે તે જ તેને, લે જે જેનું શરણું,
સૂતો છે લાંબી સોડ તાણીને **પાપીગણુ**,
આવે કિનારો ત્યારે દેજે જગાડી. ...મારી આ.



ભજન-૨૪

અંત ઘડીએ રેવા છોડી રંગા કેમ ગયો?
અંત ઘડીએ રેવા છોડી ગંગા કેમ ગયો?

તું રેવાને માતા માને,
'મા' ને તું ભગવાન જ માને,
અતૂટ શ્રદ્ધા, અડગ ભરોસો ઊઠી કેમ ગયો?

નારેશ્વરના વનમાં આવી,
દત્તપ્રભુ દીધા પ્રગટાવી,
મા-રેવાના પ્રેમનું બંધન તોડી કેમ ગયો?

'મા' ગંગાએ વિનતી કીધી,
'મા' રેવાએ આજ્ઞા દીધી,
'મા'ની આજ્ઞા શિર ચઢાવી ગંગા તટે ગયો.

માફ કરો અપરાધ જ મારો,
ચાહે તારો, ચાહે મારો,
પાપીગણુ તો હસતાં હસતાં ડૂસકાં ભરી રહ્યો.



ભજન-૨૫

અંતર્યામી સ્મર્તૃગામી તું, ઝટ જઈ દુઃખ હરે,
રંગાજી તારો કોણ ના ભરોસો કરે?

દાસ બન્યા બેભાન અને જ્યાં મૂળીબેન યાદ કરે,
રાત માથે લઈ રણાપુર પહોંચ્યા, દાસને બેઠો કરે. ...રંગાજી.

ભવાનીશંકર સ્મરણ કરે ત્યાં મરણ જ એનું હરે,
ભક્ત સુમનની જનની કેરું આયુષ્ય લાંબું કરે. ...રંગાજી.

નંદ-ઘરે આનંદ કરાવ્યો મડદું બેઠું કરે,
ઊર્મિલાના સિંદૂર કેરી જાતે તું ચિંતા કરે. ...રંગાજી.

નવાપુર ગામમાં કચુ દરજીની દુકાને જઈ તું ચઢે,
ભક્તતણી જોઈ શ્રદ્ધા તું નહિ કરવાનું કરે. ...રંગાજી.

આયુષ દોરી હીરની તૂટી ત્યારે દાક્તર બિચારો શું કરે?
રંગહૃદયમાં હીર જગાવ્યું **પ્રેમ કૃપા** તું કરે. ...રંગાજી.

પાપીગણુ તો **રંગ**ચરણમાં શ્રદ્ધાથી શીશ ધરે,
કુલીનગણુને તારો એક ભરોસો, મારી ફિકરમાં ફરે. ...રંગાજી.



ભજન-૨૬

આ કલિકાળમાં શ્રવણ સમો રંગ આવિયો,
માતૃભક્તિનો જીવનમાંહી એણે દીપ જલાવિયો. ...શ્રવણ સમો.

કાંધે કાવડ મેલી લાવે, રેવાજળથી **'મા'** નવરાવે,
'મા' રાજી તો સહુએ રાજી, જીવનમંત્ર બનાવિયો. ...શ્રવણ સમો.

'મા'ની આજ્ઞા લઈને જાયે, જતાં આવતાં શીશ નમાવે,
'મા'ની આજ્ઞા ગણી આખરી, જીવનરથ હંકારિયો. ...શ્રવણ સમો.

'મા'કાજે ના ગયો હિમાલય, નારાયણનો કીધો દૂર ભય,
'મા'ની ઉત્તરક્રિયા કરીને, ગંગાકાંઠે આવિયો. ...શ્રવણ સમો.

રંગ! અમોને દેજે શક્તિ, કરીએ અમે પણ **'મા'**ની ભક્તિ,
પાપીગણુના હૃદયકમળમાં રંગે રંગ જમાવિયો. ...શ્રવણ સમો.



ભજન-૨૭

આફતમહીં અવધૂત તો રસ્તા હજારો આપશે.

સંકટ વિમોચન સ્તોત્ર દ્વારા ભક્તના સંકટ હરે,
જે સ્મરણમાત્રે ક્ષણમહીં ભક્તોતણા ભય દૂર કરે,
સૌ મલિન તત્ત્વો ફડફડે એવી શ્રીરંગની ધાક છે. ...આફત. ૧

આફત ડરાવે વિશ્વને, આફત સહુની પીર છે,
આફત તણી જયાફત કરે, એ રંગ સંત ફકીર છે,
પરબ્રહ્મ પોતે પણ છતાં પ્રભુના નિયમને પાળશે. ...આફત. ૨

આફત! કહું સાચું હવે ખોટું ન લાગે જો તને,
આફત ભમે તારા શિરે જો રંગભક્તને તું નડે,
સમજી જજે આફત હવે, રંગભક્તને ન સતાવજે. ...આફત. ૩

જે સ્હેજ ઊંચો હાથ કરીને ટાળે ઝંઝાવાતને[૧],
જે આંગળી કાપી, બચાવે ભક્ત કેરા બાળને[૨],
યમરાજ જોડે હાથ એવી રંગની તાકાત છે. ...આફત. ૪

માથું ઝૂકાવી રંગચરણે સ્મરણ કર પ્રતિશ્વાસથી,
રહેજે સદા તું રંગચરણે શ્રદ્ધા અને વિશ્વાસથી,
પાપીગણુ! ખોળે લઈને રંગ પ્રેમે પાળશે. ...આફત. ૫



૧. ધર્મજની જયંતીનો પ્રસંગ. ૨. પ્રાગજી મિસ્ત્રીનો પુત્ર વ્રજલાલ.

ભજન-૨૮

(કાઠિયાવાડી ચાલ... એ રાહ)

આશા કરીને દોડી આવીયો રે,
રંગ! હું તો તારે દરબાર (૨)
નાંખી છે ટહેલ વિશ્વાસથી, મારો સૂણજો પોકાર. ...આશા.

એ... સિદ્ધિ અનેક તારી દાસી છે જાણે સઘળો સંસાર,
એવી સિદ્ધિ કો'ક માંગવાની નથી ઈચ્છા લગાર. ...આશા.

એ... જન્મ મરણનું દુઃખ ટળે ને ટળે માયાનો માર,
દુઃખનાં ડુંગર ટાળજો, નથી એવો પોકાર. ...આશા.

એ... કોક દિ' પાછો ધૂણી ધખાવી કરે તપનો વિચાર,
તે દિ' બનાવો મને લીમડો અગર લીમડાની ડાળ. ...આશા.

એ... **પાપીગણુ**ની નાની માંગણીનો લાગણીથી કરજો વિચાર,
નારાજ કોઈને તું કરતો નથી, નારેશ્વરના સરકાર. ...આશા.



ભજન-૨૯

(ચંદન નારેશ્વરની માટી... એ રાહ)

એવો દિ’ જે દિ’ જીવનમાં તારા ઉગી જાય રે,
સમજી જા અવધૂત છે પડખે કૃપાની વર્ષા થાય છે. ...ટેક.

રામે દીધો રૂડો રોટલો ખવરાવીને ખાઉં રે,
આપ્યું તેં તારાને આપી રાજી રાજી થાઉં રે,
એવી ભાવના જાગે દિલમાં, હૈયું જો હરખાય રે. ...સમજી.

દુઃખના ડુંગર તૂટી પડે પણ મનડું તુજ ગભરાય ના,
‘ધાર્યું હરિનું થાવાનું’ એ શ્રદ્ધા તુજ ડગી જાય ના,
રંગશરણમાં નચિંત થઈને જીવન જીવી જાય રે. ...સમજી.

હું-મારું ભૂલી જા એવું, શોધ્યું પણ એ નહિ જડે,
જુગ જૂનાં બંધ નૈના જે દિ’ તારા ઉઘડે,
જડચેતનમાં સઘળે જ્યારે રંગ તને દેખાય રે. ...સમજી.

એવો દિ’ ઉગે તો પણ ના જાગે ઉર અભિમાન રે,
પાપીગણુ ગુરુદેવને સ્મરતાં છૂટે તારા પ્રાણ રે,
પ્રાણ પ્રયાણ પ્રેમે સચવાયે, રંગ દર્શન થાય રે. ...સમજી.

(ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૩૯)



ભજન-૩૦

ઓ દિવ્યલીલા કરનારા, તારી રંગલીલાનો પાર નથી.
અવધૂત વેષે ફરનારા, તારી રંગલીલાનો પાર નથી.

નારેશ્વર સ્મશાન ભૂમિ, અવધૂત ચરણે જ્યાં ચૂમી,
વન નંદનવન કરનારા. ...તારી.

જ્યાં દાસને ઉદાસ જોયા, લઈ દસ્તાવેજો દોડ્યા,
ઓ યવનવેષ ધરનારા. ...તારી.

તમે પરીક્ષાટાણે જઈને, ગોવિંદને પ્રશ્નો કહીને,
વળી ઉત્તર પણ દેનારા. ...તારી.

કમળાકાકીની રસોળી, અવધૂત અદ્‌ભુત તેં ખોલી,
જઈ શસ્ત્રક્રિયા કરનારા. ...તારી.

[૧]ઈશ્વરનો કમર દુઃખાવો, તમે રેવામાં જઈ ન્હાઓ,
એવું કહીને દુઃખ હરનારા. ...તારી.

લીલાનો પાર ન આવે, **પાપીગણુ** શીશ નમાવે,
ઓ નતજન તારણહારા. ...તારી.



૧. ઈશ્વરભાઈ ચ. પટેલ, અમદાવાદ.

ભજન-૩૧

કવિસંમેલન, ઊંઝા

તા. ૧૭-૫-૨૦૧૩

પંક્તિઃ કરુણા-કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે...
(ભીમપલાસ)

ભવરણમહીં તપતાં-તરસતાં 'જીવ'ની એ વીરડી,
છાંયો મળે, તૃષા છીપે ને શાંતિ થાતી મનમહીં,
સદ્ભાગી જાણો જીવ જેને રંગનો આધાર છે,
કરુણા કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે. ...૧

કરુણા કૃપાસાગર જુઓ કેવી કરુણા એ કરે,
સંકટ વિમોચન સ્તોત્ર રચીને ભક્તનું સંકટ હરે,
ગંગા ઘરે રંગા ગયા જે અબુધ માછણનાર છે,
કરુણા કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે. ...૨

જ્યાં સ્મરણ શાસ્ત્રીજી કરે ત્યાં મરણને પલમાં હરે,
સેવક સુમનની જનનીનું જે આયખું લાંબુ કરે,
લઈ રાત માથે દાસ કાજે દોડીને આવનાર છે,
કરુણા કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે. ...૩

લીમડાતણી ડાળી સ્મરે કદિ કોઈ જો મરતી ક્ષણે,
ઉદ્ધાર છે એનો, ભલે શ્રુતિ શાસ્ત્રને એ ના ભણે,
ના ભક્ત મારો નાશ પામે રંગનો લલકાર છે,
કરુણા કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે. ...૪

પાપીગણુ તો સોડ તાણી રંગચરણે સૂઈ રહ્યો,
ને રંગ એની ફીકરમાં બસ રાત-દિ' ફરતો રહ્યો,
શ્રીરંગની શરણાગતિ, યમરાજને પડકાર છે,
કરુણા કૃપાસાગર પ્રભુ અવધૂત તારણહાર છે. ...૫

દમામ (SA) રવિવાર, તા. ૫મી મે, ૨૦૧૩



ભજન-૩૨

હે... કોઈ અવધૂતને જઈને સમજાવજો રે,
એને સમજાવી પાછો લાવજો રે. ...કોઈ.

હે... સદા હર હર ઓમ ઓમ એવું ગાતી રે,
હવે રેવા મૂગી મૂગી વહી જાતી રે. ..કોઈ.

હે... તારો ઝૂકેલો લીમડો અકળાય છે રે,
એ તો ઊંચો નીચો ઊંચો નીચો થાય છે રે. ..કોઈ.

હે... તારા બાલુડાં જુએ તારી વાટડી રે,
એની આંસુડાં ભરેલી આંખડી રે. ..કોઈ.

ગણુપાપીને હવે નથી બોલવું રે,
એની આગળ આ હૈયું શું ખોલવું રે? ..કોઈ.

ત્યાં તો પાવડીનો રણકો સંભળાય છે રે,
બધે હસતો અવધૂત દેખાય છે રે. ...કોઈ.



ભજન-૩૩

કોણ છે કોણ છે કોણ છે રે...
પેલા નારેશ્વરધામમાં કોણ છે?

જાણું ના કોણ પણ જોવાના કોડ છે,
ચિતડાનો ચોરનાર કોણ છે રે? ...પેલા.

ચાલે ના જોર મારું, જોયા કરું છું,
બાજી ગોઠવનાર કોણ છે રે? ...પેલા.

પાપીગણુના કોરા જીવનના સાથિયામાં,
રંગોળી પૂરનાર કોણ છે રે? ...પેલા.



ભજન-૩૪

છે છત્ર માથે રંગનું તેને ફિકર શી ચીજ છે!

ફિકરતણી ફાકી કરે તેને ફકીર સૌ માનતું,
પણ ફકીરની ફાકી કરે અવધૂત તેને જાણ તું,
અવધૂત મારે મન સદા, શ્રીરામ, શિવ, અત્રિજ છે. ...છત્ર. ૧

સિદ્ધિ ખડી સેવામંહી, યમરાજ પણ પ્રણતિ કરે,
ને પ્રકૃતિ પણ રંગની આજ્ઞાતણું પાલન કરે,
શાસ્ત્રી, સુમન ને દાસ, ગોવિંદ શ્રીકૃપાના પ્રતીક છે. ...છત્ર. ૨

આ તો લીલા છે ચાર આની, બાર તો બાકી રહી,
બડભાગી તે બેઠા રહ્યા શ્રીરંગના ચરણો ગ્રહી,
એ એકનિષ્ઠા ને વળી શ્રદ્ધા કૃપાના બીજ છે. ...છત્ર. ૩

શ્રીરંગ તો છે વજ્રપંજર, મોત પણ મરવા પડે,
શ્રીરંગ તો આ લોક ને પરલોકની ચિંતા હરે,
વિશ્વાસ રાખી રંગમાં જો શ્વાસ લે તું પ્રીતથી. ...છત્ર. ૪

પાપીગણુ બેફિકર થઈને સોડ તાણી સૂઈ ગયો,
ને રંગ એની ફિકરમાં બસ! રાત-દિ ફરતો રહ્યો,
શ્રીરંગ કેરો પ્રેમ એ સહુ દુઃખનું તાવીજ છે. ...છત્ર. ૫

વલસાડ, તા. ૨૬-૧૨-૨૦૦૨



ભજન-૩૫

જય પાંડુરંગ જય જય શ્રીરંગ,
જય બોલો નારેશ્વર સંતની,
સ્વર્ણજયંતી[૧] ઉજવે ભક્તો ગુરુલીલામૃતગ્રંથની.

લખાવનારો દત્તગુરુ ને રંગગુરુ જ્યાં લખનારો,
રેવાતટ નારેશ્વર ધામે ગ્રંથ રચાયો આ ન્યારો,
આ બ્રહ્મ રસાસ્વાદે જ ભર્યો જુઓ રચના આદિથી અંતની. ...સ્વર્ણ.

જ્ઞાનકાંડમાં દત્તગુરુની દિવ્યલીલાનાં દર્શન છે,
કર્મકાંડમાં નૃસિંહસરસ્વતી, શ્રીપાદલીલા વર્ણન છે,
આ ઉપાસનાકાંડે જ કથા શ્રી વાસુદેવાનંદની. ...સ્વર્ણ.

ચરિતામૃત ઘટ લે સુખે તું કરી પાન પીવાડજે,
હોય તૃષાતુર તેહને તો મોત પાડશે રાડ રે,
ના દૈન્ય રહે, જા મોજ કરે, મૂકે સ્વપ્ને હાથ શિર રંગની. ...સ્વર્ણ.

જ્ઞાન, કર્મ ને ઉપાસનાનો આ ત્રિવેણી સંગમ છે,
ગુરુલીલામૃત પાને પાને જ્ઞાન તો નિગમાગમનું છે,
આ પારાયણના સ્નાન થકી તૂટે બેડી આ ભવબંધની. ...સ્વર્ણ.

પાપીગણુનો અમૃત ઉત્સવ, સ્વર્ણ મહોત્સવ ગ્રંથ તણો,
એક જ વર્ષે આવ્યા દેખી **કુલીનગણુ** હરખાય ઘણો,
આ **પાપીગણુ**ની રંગપ્રપા[૨] એ પ્રપા મુક્તિના પંથની. ...સ્વર્ણ.



---

૧. શ્રીગુરુલીલામૃત સુવર્ણજયંતી, સને ૧૯૮૧-૮૨.
૨. ભજનસંગ્રહનું નામ.

ભજન-૩૬

(નામ સુધારસ જે જન ચાખે... એ રાહ)

જાગો જાગો રુકમાનંદન, વિઠ્ઠલલાલા જાગો રે,
ભક્તો તારી વાટ જુએ છે, નિંદરડી હવે ત્યાગો રે. ...જાગો.

રેવા તીરે સ્નાન કરવા આવશો જાણી ઊભા રે,
દર્શન કરવાના ભક્તોએ જુઓ ઘડ્યા મનસૂબા રે. ...જાગો.

માજીના મંદિરિયે ઊભા ટોળે વળી નર નારી રે,
વંદન કરવા આવશો ત્યારે ચરણે પડીશું તમારી રે. ...જાગો.

લીમડા નીચે બેસી ભક્તો ધૂન તમારી ગાયે રે,
સત્સંગે દર્શન દેવાને આવશો લીમડા છાંયે રે. ...જાગો.

જાગર્ સ્વપ્ન સુષુપ્તિ રહિતને નિંદર ક્યાંથી આવે રે?
પાપીગણુ નિજ આનંદ કાજે ગીત મધુરાં ગાયે રે. ...જાગો.



ભજન-૩૭

જીવનનો વ્યવહાર તને શીખવાડે છે અવધૂત,
ઘરમાં સ્વર્ગ ઉતારવા કાજે વાંચ ગુરુલીલામૃત,
અમૃતનું પાન કરાવે, સાચું તને ભાન કરાવે.

પથ્થરને તેં દેવ ગણ્યા ને ખર્ચ્યાં લાખો ભાઈ,
માત-પિતાને કાજ કદી ના ખર્ચી તેં રાતી પાઈ,
દેવ રહે ક્યાંથી રાજી? ગોઠવી ઊંધી બાજી. ...જીવનનો.

પતિ એ મારો પરમેશ્વર એ મંત્ર જ ભૂલી ગઈ,
મંત્ર જપ્યા બીજા લાખ હજારો ઊંધે રસ્તે તું ગઈ,
વળે ક્યાંથી તારો દહાડો, સાચા પંથે રે ચાલો. ...જીવનનો.

એકબીજાને દેવ ગણો[1] એ ભૂલ્યા ગુરુઉપદેશ,
દેવને ભૂલી મંદિર પૂજે, વધાર્યાં રાગ ને દ્વેષ,
વધી જીવનમાં ભ્રાંતિ, મળે તને ક્યાંથી શાંતિ? ...જીવનનો.

પાપીગણુ તો રંગચરણમાં મૂકી દઈને શીશ,
વિનવે વ્હાલા આપી દેજો અંતરના આશિષ,
કહ્યલું તારું માનું, સાચા પંથે રે ચાલું. ...જીવનનો.



૧. પરસ્પરદેવો ભવ।

ભજન-૩૮

(રાગઃ ભીમપલાસી)

હે... તારી લીલા ગાતા રે શેષ થાકતો,
એવી લીલાના અવશેષ ભાખતો રે ભાખતો. ...તારી.

દામજીકાકાની મનની શંકા,
પુરાવો દઈને તમે નિવારી રંગા,
એવી મનની શંકાને ટાળનારા રે, રંગારા! ...તારી.

મગન વશીને તમે દંગ કરી દીધા,
મનના વિચાર બધાં જાહેર કીધા,
એવા મનના વિચાર જાણનારા રે, રંગારા! ...તારી.

રવુકાકાની મનની ચિંતા,
પલમાં નિવારી વાર કીધી ના રંગા!
એવી મનની ચિંતાને હરનારા રે, રંગારા! ..તારી.

પાપીગણુને રેવાગીત સંભળાવ્યું,
અમી-આશિષનું ઝરણું વહાવ્યું,
એવા અમીઝરણા રેલાવનારા રે, રંગારા! ...તારી.

કુલીનગણુને **રંગ-પ્રેમ** દઈ દીધો,
પોતાનો જાણીને પંપાળી લીધો,
એવા ખોળે લઈ પંપાળનારા રે, રંગારા! ...તારી.



ભજન-૩૯

તિમિર હટાવી તેજ ભરી દે, રંગ અમારા જીવનમાં,
ખેદ ખસેડી ખમીર ભરી દે, અવધૂત! આ મન-મધુવનમાં.

હું-મારું ને રાગદ્વેષની ગ્રંથી રંગા દૂર કરો,
તું-તારું ને ત્યાગ પ્રેમની ઉચ્ચ ભાવના ઉર ભરો,
જગમાં સઘળે પ્રભુને નીરખું, નીરખું જગ પ્રભુદર્શનમાં. ...તિમિર. ૧

હું કરું આ મેં કર્યું એ અહંકારનો ભાવ જજો,
ધાર્યું તેં થાવાનું એવી દિવ્ય ભાવના હ્રદય થજો,
રંગકૃપાથી સમતા આવે વિચાર-વાણી-વર્તનમાં. ...તિમિર. ૨

હું તો પામર જીવ જગતનો ભ્રમણા એ ભાગી જજો,
પરબ્રહ્મ હું પોતે એ સાચી સમજણ પાકી થજો,
'સઘળે વ્યાપક, મુક્ત સદા હું' ક્યાંથી આવું બંધનમાં? ...તિમિર. ૩

વાદ વિવાદતણા વહ્નિમાં પ્રેમતંતુ હું નહિ બાળું,
દેવદૃષ્ટિથી ભાળું સહુને, હળીમળીને હું ચાલું,
કલ્પવૃક્ષ ને અમૃતકુંભો નારેશ્વર-નંદનવનમાં. ...તિમિર. ૪

અવધૂત કેરા આદર્શો સહુ લહેરાજો રુકમાવનમાં,
સાચા સુખનો સાગર સાચે રંગગુરુના ચરણનમાં,
'રહે રંગ રાજી' એ ભક્તિ **પાપીગણુ**ની સમજણમાં. ...તિમિર. ૫



ભજન-૪૦

(રાગઃ ભૈરવી)

પ્રત્યેક રંગ ભક્તનો પોકાર વંદે રંગગુરુમ્.
શ્રીરંગની શતાબ્દીની લલકાર વંદે રંગગુરુમ્.

શોભાવી ધરા ગોધરા, રુકમાઈ ને વિઠ્ઠલધરા,
વાસુદેવ ગુરુવરા, ૐકાર વંદે રંગગુરુમ્.

રેવાતટે નારેશ્વરે, શ્રીદત્તને જે પ્રગટ કરે,
એ દેવના પણ દેવનો શણગાર વંદે રંગગુરુમ્.

આચારથી ઉપદેશ કર્યો, મૂલ્ય નિષ્ઠ જીવન વર્યો,
દુર્વૃત્તિને બાળતો અંગાર વંદે રંગગુરુમ્.

પાપીગણુ જયકાર કરે, **રંગ**નો રણકાર ભરે,
શતાબ્દી વર્ષ **હર્ષનો** ટંકાર વંદે રંગગુરુમ્.

(કા.સુ.૯, ૨૦૫૪)



ભજન-૪૧

પાદુકાપૂજનનો પ્રારંભ જ્યાં થાય,
દૂર થકી અવધૂતજી આવતાં દેખાય.

એક હાથ ઊંચો ને હાથ બીજે લાકડી,
આવે અવધૂત વ્હાલા પહેરી પગે પાવડી,
પાવડીના ખટખટનો રણકો સંભળાય. ...દૂર.

મંત્રો બોલાય વળી સંકીર્તન[1] થાય જો,
ભાવ અને ભક્તિથી ભજનો ગવાય જો,
અવધૂતી આનંદનો રંગ રહી જાય. ...દૂર.

ધૂન દિગંબરાની **રંગ** ગવરાવે,
પાપીગણુ તો બેસી ઢોલ બજાવે,
દત્ત દિગંબરાની ધૂન મચી જાય. ...દૂર.



૧. દત્તનામ સંકીર્તન.

ભજન-૪૨

(રાગઃ બહાર)

પૂજન કરવા રંગગુરુનું બાળા ચાલી નમતી નમતી.
દિવ્યગિરિના દિવ્ય શિખર પર બાળા ચાલી હસતી રમતી.

પીયૂષધારા વહેતી જ્યાંથી,
રંગગુરુનાં ગુણલાં ગાતી,
રંગગુરુ મૂર્તિ મન ગમતી. ...બાળા.

લીધાં ફળ ફૂલ અક્ષત ચંદન,
અબીલ ગુલાલ ને ધૂપ દીપ પણ,
દિવ્ય પૂજા મંત્રો ગણગણતી. ...બાળા.

કરી પૂજા એ કરે આરતી[૧],
પ્રસાદ લઈને નમે ભાવથી,
પાપીગણુ રંગ આશિષ મળતી. ...બાળા.



૧. જયદેવ જયદેવ જય પાંડુરંગ...

ભજન-૪૩

(પ્રભુ પરખ્યા હૃદે જેણે... એ રાહ)

મને સત્કારમાં મળજો પ્રભુ શ્રીરંગની ભક્તિ,
મને સત્કાર ના મળજો જગતની કોઈ ધનશક્તિ.

કહે અવધૂત આ જગમાં ન કિંમત કોઈ માગણની,
મને સત્કારમાં મળજો, ખુમારી રંગ-લાંઘણની. ...મને.

બધું આવી જતું જેમાં કમાણી નેકીની સાચી,
મને સત્કારમાં મળજો રહું નેકીમહીં રાચી. ...મને.

મળેલી શક્તિથી ઠારી દઉં હું કોક આંતરડી,
મને સત્કારમાં મળજો પ્રભુપૂજનની એક ઘડી. ...મને.

કરે **પાપીગણુ** સહુમાં **શ્રીરંગા-પ્રેમ**ના દર્શન,
મને સત્કારમાં મળજો કૃપાદષ્ટિ તણાં સ્પંદન. ...મને.



ભજન-૪૪

(રાગઃ દુર્ગા)

મુજ ઝૂંપડીએ આવ, રંગા!
પ્રેમભાવ પ્રગટાવ, રંગા!

મુજ ઝૂંપલડી સાવ જ નાની,
નાની તોયે ખૂબ મજાની,
જલદી દોડી આવ, રંગા. ...મુજ.

બેસી વાટમાં વાટ જોઉં છું,
ના દેખું ત્યાં હું રોઉં છું,
સહેજ દયા દર્શાવ, રંગા. ...મુજ.

પાપીગણુની વાત માની જા,
શું મૂંઝવણ છે? તું આવી જા,
રંગ રંગ રેલાવ, રંગા. ...મુજ.



ભજન-૪૫

મૂડી મહામૂલી અમારી રંગના અનુરાગની,
અનુરાગની મૂડી થકી વૃત્તિ વધે વિતરાગની.

સંસારની મૂડી ચહો તો કોકને મૂડવું પડે,
અનુરાગની મૂડી મળે, સઘળું સમર્પણ જે કરે. ...૧

સંસારના રંગ રાગથી જીવડો પડે બંધનમહીં,
શ્રીરંગના અનુરાગથી જીવડો ભળે છે શિવમહીં. ...૨

અનુરાગની મૂડી મળી જીવનમહીં હર જીવને,
ગંગા જુઓ અનુરાગની મૂડી થકી ધન ધન બને. ...૩

શ્રીરંગમાં અનુરાગ જાગે, જાણ પુણ્ય ઘણું ફળ્યું,
જો રંગને અનુરાગ જાગે, જાણ જમતેડું ટળ્યું. ...૪

સેવા સમર્પણ પ્રેમ કેરો પંથ ન્યારો લાગતો,
અનુરાગથી શ્રીરંગ એનો હાથ પકડી મ્હાલતો. ...૫

પાપીગણુ સૂતો રહ્યો અનુરાગની મૂડી પરે,
શ્રીરંગ જાગે રાતભર, એ ફિકરમાં ફરતો ફરે. ...૬

વડોદરા, તા. -૪-૧૯૯૬



ભજન-૪૬

યુગવિભૂતિ રંગ અવધૂત સંત ક્રાંતિકારી છે.
આ ક્રાન્તદર્શી યુગપુરુષની વાત નોખી ન્યારી છે.

કૃતયુગતિથિમાં જન્મી, જીવે જીવન પણ કૃતયુગતણું,
જીવનતણો વ્યવહાર ભક્તિમય કરી માનવ બનું,
સંવાદિતાને જાળવું, એ ભાવના ઉર ધારી છે. ...યુગવિભૂતિ. ૧

અભિમાન સુરાપાન ને રૌરવ નરક ગૌરવ ગણે,
છે સૂકરવિષ્ઠા આ પ્રતિષ્ઠા માનવીનું હીર હણે,
સિદ્ધિ-પ્રસિદ્ધિ જાણ પૈસા પ્રાપ્તિ ભ્રાન્તિકારી છે. ...યુગવિભૂતિ. ૨

કંઈ ભક્તોને ઠાર્યા, મઠાર્યા સ્વસ્વરૂપે સ્થિત કર્યા,
વૃત્તિ થકી વૃત્તિ ઘડીને દિવ્ય પથ કંડારિયા,
આચાર એ ઉપદેશ પકડ્યો માર્ગ શાન્તિકારી છે. ...યુગવિભૂતિ. ૩

રાષ્ટ્રભક્તિ, માતૃભક્તિ, દેવભક્તિ શ્રીરંગની,
બોલ્યા વિના જ કરી બતાવી વાત મુક્તિપંથની,
ગુણગ્રાહી એ અવધૂત કેરું જીવન મંડનકારી છે. ...યુગવિભૂતિ. ૪

નિષ્ઠા ગુરુ પ્રત્યે ગજબ, પણ કોઈના ગુરુ ના બન્યા,
ના કાન ફૂંક્યા, પ્રાણ ફૂંકી સર્વના ઉરમાં વસ્યા,
ગાદી ન રાખી, પરંપરા તોડી અમંગલકારી જે. ...યુગવિભૂતિ. ૫

છોડીને માગણવૃત્તિ આપી પ્રેમથી રાજી રહે,
કરે દેવ દેવનું કાર્ય એ શ્રદ્ધા અડગ ઉરમાં વહે,
રાખો પરસ્પરદેવ ભાવ ભાવના ભયહારી છે. ...યુગવિભૂતિ. ૬

પરબ્રહ્મમાં ડૂબ્યા રહે પણ કેમ્પ સર્જીકલ કરે,
મૂકી ટ્રીગર પર હાથ અવધૂત રાયફલ ફોડે ખરે,
યમરાજ ને પ્રકૃતિ પણ અવધૂત આજ્ઞાધારી છે. ...યુગવિભૂતિ. ૭

કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ શ્રીદત્ત એ,
પાપીગણુ ના સંત એ પરબ્રહ્મ મૂર્તસ્વરૂપ છે,
ગુજરાતની લીલા જુઓ, ગોકુળના ગિરિધારી છે. ...યુગવિભૂતિ. ૮

ભરુચ, તા. ૯-૧-૧૯૯૮



ભજન-૪૭

(રાગઃ ભૈરવી)

રંગ અવધૂત રે, રંગ અવધૂત,
નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત.

માત-પિતા ને બંધુ સખા જે,
સુખ દુઃખમાં સંગાથ કરે એ;
સ્મર્તૃગામી એ દેવ દયાળુ,
મા રુકમાનો સપૂત. ...નારેશ્વરનો.

રાગદ્વેષનો વેશ તજી દે,
ભાવભક્તિથી રંગ ભજી લે;
સેવા શ્રદ્ધા સાજ સજી લે,
છે અવધૂત અદ્‌ભુત. ...નારેશ્વરનો.

રંગગુરુને જે સંભારે,
રંગગુરુ તેને સંભાળે;
રંગચરણમાં મૂકી માથું,
પાપીગણુ બને પૂત[૧]. ...નારેશ્વરનો.



૧. પવિત્ર.

ભજન-૪૮

સાખી

મૂઢ માંકડું મન આ મારું કેમે વશ ના થાય,
ના અભ્યાસ, વિવેક, જ્ઞાન કૈં, ના વૈરાગ્ય જરાય.
નથી કરી પ્રભુભક્તિ એવી, હરિ કરે કંઈ મ્હેર,
નથી સેવ્યા ગુરુચરણો તોયે નાંખી છે રંગ ટહેલ.



(હાં હાં રે મને... એ રાહ)

હાં હાં રે રંગ નાંખી છે ટહેલ વિશ્વાસથી. ...ટેક.

નથી રે માગતો સુતદારા યે વળી ધન વૈભવનું સુખ આપ,
નથી રે માગતો ટાળી દે મારા જીવનના સઘળા સંતાપ. ...હાં હાં.

નથી રે માગતો બીજો જનમ મારો ઊંચા કુળમાં થાય,
નથી રે માગતો જન્મમરણનો મારો ફેરો આ ટળી જાય. ...હાં હાં.

નથી રે માગતો રિદ્ધિ સિદ્ધિ કોઈ, નથી રે મુક્તિની આશ,
નથી રે માગતો અંતઘડીએ મારા શાંતિથી છૂટે શ્વાસ. ...હાં હાં.

માગું છું એટલું મન જ્યાં જ્યાં જાય ત્યાં દેખે તારું રૂપ,
મૂકું જ્યાં મસ્તક ત્યાં દેખું તમારા દ્વંદ્વચરણ અનુપ. ...હાં હાં.

પાપીગણુને એવી ધરપત છે હૈયે કે મુજને ના કરશો નારાજ,
જગના લોકો ભલે માને અનાથ મને, તું તો અનાથનો નાથ. ...હાં હાં.

તા. ૧૫-૬-૧૯૮૭ (ગાંધીનગર મંદિર પાટોત્સવ)



ભજન-૪૯

રંગને નમાવી શીશ, માગીએ એવા આશિષ,
પૂરણ મનીષા અમ થાય,
ઝાઝું જીવો વ્હાલા શ્રીપ્રેમ અવધૂતજી. ...ટેક.

પ્રેમ કેરા સાગરમાં ગાગર ઝબોળી અમે,
પાવન કરીશું અમ કાય. ...ઝાઝું.

નયનોમાં પ્રેમ છે, હૈયે સહુનું ક્ષેમ છે,
વાણી વર્તન સરળ જણાય. ...ઝાઝું.

સેવાનો ધર્મ ગ્રહે, ધર્મ તણો મર્મ લહે,
આચરણ શિખામણ થઈ જાય. ...ઝાઝું.

લીંચને ગોકુળ કર્યું, રંગાનું મનડું ઠર્યું,
રંગા આનંદમાં જણાય. ...ઝાઝું.

રંગ કહે **પાપીગણુ!** ભલે જીવે '**બચુ**' ઘણું,
કુલીનગણુ તો હરખાય. ...ઝાઝું.

(૬૦મી પ્રેમજયંતી, અંબાજી)



૧. પ્રેમ અવધૂતજીનું હુલામણું નામ.

ભજન-૫૦

(હરિને ભજતાં... એ રાહ)

રંગને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,
જેની સુરતા રંગાજીની સાથ, વદે ભક્ત વાણી રે.

હે વ્હાલે પ્રાગજી મિસ્ત્રીના પુત્રને[૧] જઈને ઉગાર્યો રે,
એની કરવતથી કપાતી'તી ડોક, મરતો બચાવ્યો રે.

વ્હાલે તાપી નદીમાં તણાતા સીતાભાઈને તાર્યા રે,
ભક્તે કીધા સંકટમાં યાદ, પાર ઉતાર્યા રે.

વ્હાલે તળશીભાઈની દીકરીને રાજી કીધી રે,
એની ખેતરમાં પડેલી ચૂની, ઘરે જઈને દીધી રે.

વ્હાલે કાન્તિ મહાદેવીઆનું મન મજબૂત કીધું રે,
વ્હાલે દેવીબેનનું દુઃખ જઈને હરી લીધું રે.

આવી દિવ્ય લીલા શ્રીરંગની જે જન ગાશે રે,
પાપીગણુ કે છે પલમાં **રંગ-પ્રેમ** કૃપા થાશે રે.



---

૧. વ્રજલાલ મિસ્ત્રી.

ભજન-૫૧

(રંગલો જામ્યો કાલિંદીને ઘાટ... એ રાહ)

રંગમેળો જામ્યો ગંગાજીને ઘાટ,
રંગાજી તારા, હો હો દત્તાજી તારા, હો હો વ્હાલાજી તારા
ભક્તો જુએ છે તારી વાટ. ...રંગમેળો.

હે... આવો, પધારો એવું હરિહર બોલ્યા ને
ખોલ્યાં રે સ્વર્ગના દ્વાર,
અમને મૂકીને તમે હરિદ્વારથી
જતાં રહ્યા બારોબાર,
હે... વહે આંખે આંસુડાની ધાર. ...રંગાજી તારા.

હે... હર હર ઓમ ઓમ ગાતી પેલા રેવા હવે
મૂગી મૂગી વહી જાય,
ઝૂકી પડેલા તાર લીમડાનું જોને
કાળજું કેવું કોરાય!
હે... એની વેદનાનો નહિ પાર. ...રંગાજી તારા.

હે... જતાં રહ્યાને બેઠું વર્ષ પચાસમું,
તોયે અંતરમાં આશ,
રડતાં બાલુડાંને નોંધારા જોઈને
રંગ દોડી આવશે પાસ,
હે... સૂણો **પાપીગણુ**નો પોકાર. ...રંગાજી તારા.



ભજન-૫૨

(રાગઃ ભીમપલાસી)

રંગા! તારી ઝૂંપલડીને દ્વારે,
રિદ્ધિ સિદ્ધિ ખડી દાસી થઈને,
તારો જય પોકારે. ...રંગા.

કૌપિન કંથા રંગ અંગ પર, ઉપવીત ને દંડધારી,
ધન વૈભવનો લઈ ખજાનો ઊભો કુબેર ભંડારી. ...રંગા.

બ્રહ્મતેજથી ભૂષિત ભાલે, ત્રિપુંડ શોભા ન્યારી,
બ્રહ્મા હરિ હર ગગને કરતાં સ્વાગતની તૈયારી. ...રંગા.

દિવ્ય તેજભર દૃષ્ટિવાળા વિશાળ નયનો તારા,
પ્રકાશ રેલવવાને ઝંખે સૂર્ય, ચંદ્ર ને તારા. ...રંગા.

ક્ષણમાં શાંતિ દેનારું આ તારું મુખડું મધુરું,
શરદપૂનમના ચંદ્રદેવનું લાગે રૂપ અધૂરું. ...રંગા.

ત્યાગીને તું ભોગવનારો, મિતાહારી ઉપવાસી,
'મા' અન્નપૂર્ણા ઊભી ઊભી તુજને રહી તકાસી. ...રંગા.

નતજનતારક પતિતોદ્ધારક, મૌને મઢી જીંદગાની,
'મા' શારદ દ્વારે ઊભીને ઝંખે સૂણવા વાણી. ...રંગા.

પાપીગણુએ શીશ ઝૂકાવ્યું ઝૂંપલડીને દ્વારે,
રંગચરણનું સ્મરણ થતામાં રંગરાજ પધારે. ...રંગા.

(સને ૧૯૮૪)



ભજન-૫૩

(ઝૂલણ મોરલી વાગી રે... એ રાહ)

રંગાજીની પાલખી નીકળી રે ગુરુદર્શનને કાજ,
ચાલી ગરુડેશ્વર ધામ રે. ...પાલખી.

રેવાના સંતરાજ[૧] નીકળ્યા રે, ગુરુદર્શનને કાજ,
રેવાને માને એ તો માત રે. ...પાલખી.

રુકમાના લાલ જુઓ નીકળ્યા રે, ગુરુદર્શનને કાજ,
ચાલ્યા નારેશ્વરના નાથ રે. ...પાલખી.

ભક્તો ફોડે છે ફટાકડા જુઓ દરશનને કાજ,
દુઃખડાં ફટ ફટ જાય રે. ...પાલખી.

ઢોલ નગારાં વાગતાં, ગુરુદર્શનને કાજ,
ભક્તો મચાવે ધૂન રે. ...પાલખી.

ભાયગશાળી તે બધા આવીયા રે, ગુરુદર્શનને કાજ,
ખભે મૂકે છે એ તો પાલખી. ...પાલખી.

પાપીગણુ તો બડભાગી રે, ગુરુદર્શનને કાજ,
ચાલે રંગાજીની સાથ રે. ...પાલખી.
ચાલે રંગાજી એની સાથ રે. ...પાલખી.



ભજન-૫૪

(શ્રીરામચંદ્ર કૃપાળુ ભજ મન... એ રાહ)

શ્રીરંગ ચરણ શરણ અમારું, સર્વ સુખ દેનાર એ,
શ્રીરંગ ચરણ શરણ અમારું, સર્વ દુઃખ હરનાર એ.

સ્વસ્વરૂપમાં સ્થિર સર્વદા, બ્રહ્મનિષ્ઠ ને યોગીવરા,
દ્વિજકુલતિલક ને શાંત શ્રોત્રિય સંત કલિકલ્મષહરા. ...શ્રીરંગ.

આ બ્રહ્મતેજ થકી વિભૂષિત ભવ્ય ભાલ ગગનમહીં,
શોભે નયન બે દિવ્યતેજે વિશાલ સૂર્ય સમા અહીં. ...શ્રીરંગ.

શાંતિ મળે મુખ કાંતિનાં દર્શન થકી પલવારમાં,
શ્રીરંગ તો ચિંતામણિ ને કલ્પદ્રુમ પરિવારના. ...શ્રીરંગ.

શ્રીરંગ છો સાગર દયાના, સ્મર્તૃગામી આપ છો,
દૃષ્ટિ કૃપાની આપની થાતા બળે અમ પાપ જો. ...શ્રીરંગ.

પ્રતિશ્વાસ સ્મરી લે ચિત્ત હે! શ્રીરંગ કેરા નામને,
શ્રીરંગ કેરા રટણથી પામો એ અક્ષય ધામને. ...શ્રીરંગ.

શરણું ગ્રહ્યું સમરથ તણું, સંભાળે યોગ-ક્ષેમને
પાપીગણુ માથું નમે શ્રદ્ધા થકી **રંગ-પ્રેમ**ને. ...શ્રીરંગ.



ભજન-૫૫

શ્રીરંગ તારા નામની બસ! એજ તો બલિહારી છે,
ભવરણ મહીં સંતપ્ત જીવની એક એ હરિયાળી છે.

અરે! નામમાં શું છે બળ્યું? કહેનાર છો કહેતા રહે,
છે નામ-રૂપ મિથ્યા છતાં મુજ મનભ્રમર બસ એ ચહે,
આ નામપુષ્પે હો ગુંજારવ, એ અમીરસ પ્યાલી છે. ...શ્રીરંગ. ૧

નામસુધારસ ચાખતાં જ્યાં કાળ પણ નાસી જતો,
છે નામથી વશ નામી એ સેવામહીં હાજર થતો,
'ન આમ'[૧] એવી નામની તારી સમજ તો ન્યારી છે. ...શ્રીરંગ. ૨

દીધું બધું તો **દાન**માં ને દત્ત થઈ લીલા કરી,
લાવી **દયા** ભક્તો પરે તારી જીવનનૈયા ઘણી,
તુજ **દમન**ને શત વંદના, વન આજ મંગલકારી છે. ...શ્રીરંગ. ૩

છે અગ્નિબીજ એ '**રં**' ખરે ભક્તોતણા અઘ બાળતો,
સિદ્ધિપ્રદાયક '**ગ**' અરે! આવાગમનને ટાળતો,
તું તત્ત્વમસિ ને સચ્ચિદાનંદ દત્તગુરુ અલગારી છે. ...શ્રીરંગ. ૪

અવધૂતની અદ્ભુત લીલાને શેષ ગાતા થાકતો,
આ '**દાસ**' '**સુમન**' '**પ્રેમ**' '**અમૃત**' '**વાણી**'ને સંભાળતો,
છે રંગનામ પીયૂષ પ્રપા, **પાપીગણુ** પનિહારી છે. ...શ્રીરંગ. ૫



---

૧. ન આમ= ન + ઈતિ = નેતિ.

ભજન-૫૬

(રાહઃ સહાય કરો આરાસુરવાળી અંબિકા...)

સહાય કરો અવધૂત અલગારી આટલી,
લાગું છું હું લળી લળી તુજ પાય જો,
કૃપા કરીને કરજો કરુણા બાપજી!
વ્હાલા રંગ! હવે શમણામાં ના'વશો. ...સહાય કરો.

આંખ ખુલે ને દેખું જગના રંગને,
વ્હાલા! એ રંગોમાં સઘળે તમ દેખાવ છો;
સ્મરણ થતામાં કથા વ્યથાની શરૂ થતી,
વ્હાલા! અશ્રુધારા આંખેથી વહી જાય જો. ...સહાય કરો.

વ્યથા બધી વેઠું હું ઉર આશા ધરી,
વ્હાલા રાત હવે સુખમાં પૂરી થાય જો;
ઊંઘી જઈશ ને ભૂલી જઈશ ત્યારે તને,
વ્હાલા દુઃખનું કારણ રહેશે નહિ જરાય જો. ...સહાય કરો.

પણ મુજ ભાગે સુખ લખ્યું ના ઊંઘનું,
વ્હાલા! ભાગ્યે મારી આંખે ઊંઘ ભરાય જો;
જરીક કદી ઊંઘ આવે ત્યાં શમણું આવતું,
વ્હાલા! શમણામાં તમે આવી હાજર થાવ છો. ...સહાય કરો.

આ રીતે તો પૂરી થશે ના જિંદગી,
વ્હાલા! **કુલીનગણુ**નો જીવ ઘણો ગભરાય જો;
હોય દયા તો સામે આવી ઊભા રહો,
વ્હાલા! તમને જોતા બાળક રાજી થાય જો. ...સહાય કરો.



ભજન-૫૭

(રાહઃ ચંદન નારેશ્વરની માટી)

હમણાં હમણાં રંગ! તમે આવો છો ઝાઝા શમણામાં,
શમણું ક્યારે સાચું પડશે? એ જ હવે રટણા મનમાં. ...ટેક.

તોરણ બાંધ્યા, પૂર્યા સાથિયાં, ફૂલડાં વેર્યા પગથારે,
લઈ લાકડી, પહેરી પાવડી, અવધૂતજી આવ્યા દ્વારે,
ઘરમાં આનંદ મંગળ કેરા છંટાયા અમી છાંટણાં. ...શમણું.

ચરણ પખાળું, પૂજું પાદુકા, જ્યાં ઉતારું આરતી,
અશ્રુધારા લાગે વહેવા, નમન કરું જ્યાં ભાવથી,
વરદ હસ્ત પધરાવ્યો માથે, ભાગી ગઈ સઘળી ભ્રમણા. ...શમણું.

તમને જોતાં જોતાં ગાઉં ધૂન તમારી ગુરુવરા,
'દિગંબરા દિગંબરા શ્રીરંગ અવધૂત દિગંબરા',
થાય ગર્જના ધૂનની ઘરમાં, જાય સઘળી વિટંબણા. ...શમણું.

શમણું ક્યારે સાચું પડશે? એ જ તમન્ના જાગી છે,
શમણું વહેલું સાચું પાડો, એ જ ભાવના જાગી છે,
દેવ દયાળુ! આ જ સ્વીકારો **પાપીગણુ**ના મનામણા. ...શમણું.



ભજન-૫૮

(રાગઃ તિલક કામોદ)

હે અવધૂત શ્રીરંગ! મને બસ રંગ તમારો લાગે,
રંગ તમારો લાગે.

રંગ ભરી મારો પિચકારી, મન સંસારથી ભાગે,
રંગ તમારો લાગે. ...હે અવધૂત!

ના રાચું સંસારી સંગમાં, નાચું સદા હું સંતસંગમાં
એવા ભાવો જાગે. ...હે અવધૂત!

રંગકૃપાનો રંગ લગાવો, આ ભવબંધનથી છોડાવો,
એવા આશિષ માગે. ...હે અવધૂત!

પાપીગણુ તો ભાગ્યશાળી, લાગ્યો રંગ કરવા રખેવાળી,
રંગ રાતભર જાગે. ...હે અવધૂત!



ભજન-૫૯

ચંદન નારેશ્વરની માટી, રેવા જળ અમૃત છે,
હર બાળા જ્યાં રુકમા અમ્બા, હર બાળક અવધૂત છે. ...ટેક.

મેકલજાતા મનસિવિભાતા મા મનહર મંગલકારી,
દર્શન માત્રે સકલ જન્મના પાપો રેવા હરનારી,
જેનો હર એક કંકર શંકર, મહિમા પણ અદ્ભુત છે. ...હર.

મેના-પોપટ, ચાતક, કોયલ દિગંબરાની ધૂન ગાએ,
કરી કલાપી કેકારવ સૌ, દત્તબાવની સંભળાવે,
ભમરાના ગુન ગુન ગુંજનમાં શ્રીગુરુલીલામૃત છે. ...હર.

ઝૂકી પડેલા લીમડાના હર પાને પાને રંગ છે,
ધૂણી ધખાવી, દત્તને લાવી રંગે રાખ્યો રંગ છે,
ધન્ય ધરા નારેશ્વરના કણ કણમાં રુકમા સપૂત છે. ...હર.

સવારમાં જ્યાં સૂર્યદેવ આવીને શંખ બજાવે છે,
ચાંદ તારલાં શયનઆરતી ગાવા દોડી આવે છે,
વાયુદેવ જ્યાં ઘંટ વગાડે, વેણુ શ્રીઅચ્યુત રે. ...હર.

ચારધામ ને સાત પુરી વળી જ્યોતિર્લિંગો બાર છે,
સહુ યાત્રાનું પુણ્ય જ સઘળું નારેશ્વરને દ્વાર છે,
પાપીગણુ આ અમૃત ઉત્સવ રંગ-કૃપાનો સબૂત છે. ...હર.

(સને ૧૯૮૦)



ભજન-૬૦

(मैं ભારતકી એક સન્નારી કી... એ રાહ)

તું ભાવ ભક્તિ ને શ્રદ્ધા રાખી નારેશ્વરમાં જા,
તું ગુરુલીલામૃત ગા. ...ટેક.
તને રંગ પીલાવે અમૃત તે પી, બીજાને પણ પા. ...તું ગુરુલીલામૃત.

તપ સંયમ પ્રેરે તેવી, ભૂમિ દર્શન કરવા જેવી,
જેનો હર એક કંકર શંકર, વહે નર્મદા મા. ... તું ગુરુલીલામૃત.

'મા' રેવા વે'તી વે'તી, શ્રીગુરુદેવ દત્ત કે'તી,
'દિગંબરા! દત્ત દિગંબરા'ના મોર કરે ટહુકા. ...તું ગુરુલીલામૃત.

કડવો પણ થાતો મીઠો, એવો લીમડો મેં ત્યાં દીઠો,
જીવન તારું મીઠું કરવા, ઝટ ઊભો થઈ જા. ...તું ગુરુલીલામૃત.

પાપીગણુ રંગશરણમાં, મૂકી માથું રંગચરણમાં,
પીધું ને પીવરાવ્યું અમૃત, બીક મોતની ના. ...તું ગુરુલીલામૃત.



ભજન-૬૧

(મારું વનરાવન છે રૂડું)

મારું નારેશ્વર છે રૂડું, નંદનવન નહીં રે આવું,
હે... એનું આકર્ષણ કંઈ જુદું, હો અનસૂયાના લાલ!
નંદનવન નહીં રે આવું.

સ્વર્ગમહીં કલ્પવૃક્ષ કેરો નહીં તોટો,
હે... મારો ઝૂકેલો લીમડો શું ખોટો? હો અનસૂયાના લાલ.

સ્વર્ગમહીં અમૃતના કુંડ હોય એવાં,
હે... અહીંયાં તો અમૃતની રેવા, હો અનસૂયાના લાલ.

સ્વર્ગમહીં દેવ તણાં દર્શન છે ક્ષણમાં,
હે... રંગ મારો અહીં કણકણમાં, હો અનસૂયાના લાલ.

પાપીગણુને તમે શીદને બોલાવો?
હે... તમે જાતે જ અહીં દોડી આવો, હો અનસૂયાના લાલ.

(સને ૧૯૮૩)



ભજન-૬૨

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રી રણછોડ,
ભક્ત-ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદકિશોર. ...આ લીંચ.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ મિનિ નારેશ્વર, એ રંગાના બોલ. ...આ લીંચ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, બચુભાઈને કહેવા લાગ્યા,
બોડાણા સમ મંતર મારો, સૂવું તાણીને સોડ. ...આ લીંચ.

[૧]ભક્ત પૂછે "પ્રભુ હશો ન જ્યારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?"
"લીંચ જજો ત્યાં શાંતિ મળશે", એ રંગાનો કોલ. ...આ લીંચ.

હરિદ્વારમાં રતિભાઈને[૨], રંગ પૂછે શું આપું એને?
"ભલું કરે ભગવાન જ એનું", દે આશિષ અમોલ. ...આ લીંચ.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
રંગ-પ્રેમ તો **પાપીગણુ**ની કાળજડાની કોર. ...આ લીંચ.



૧. શ્રીરામ ભોંસલે. ૨. ડૉ. રતિભાઈ પંડ્યા.

ભજન-૬૩

નાનું ને નાનકડું લીંચ તીર્થ ધામ,
અવધૂત શ્રીરંગનું ગોકુળિયું ગામ.
પ્રેમ-કૃપા-શાંતિનો હોય જ્યાં મુકામ. ...અવધૂત શ્રીરંગનું.

ભલાભોળા માનવીના હૈયામાં પ્રેમ છે,
રંગ કેરા ચરણોમાં યોગ અને ક્ષેમ છે,
હાથે રંગ કામ અને મુખે રંગ નામ. ...અવધૂત શ્રીરંગનું.

રંગ કહે લીંચ મિનિ નારેશ્વર જાણો,
રંગે પૂર્યા પ્રાણ અહીં, વાત સાચી માનો,
પાપીગણુ ભક્તોના મનનો વિશ્રામ. ...અવધૂત શ્રીરંગનું.



ભજન-૬૪

કર મન પારાયણ પારાયણ,
બન નરમાંથી નારાયણ. ...કર મન.

ગુરુપરાયણ જે કરે તે જાણ પારાયણ સાચું,
વૃત્તિ જો સુધરે ના તારી, જાણ બધું એ કાચું. ...કર મન.

ગુરુલીલામૃત પાન કરેથી વિષયતણું વિષ જાયે,
રાગ, દ્વેષ ને ક્લેશ છૂટે ત્યાં અંતર નિર્મળ થાયે. ...કર મન.

કોક ગરીબનાં આંસુ લૂછો, ભૂખ્યા જનને પૂછો,
રંગ-ખુમારી હૃદયમાં રાખી, માગણવૃત્તિ મૂકો. ...કર મન.

સત્કર્મોનાં બીજને પાજો રંગ પ્રેમનું પાણી,
જીવનવન નંદનવન બનશે **પાપીગણુ**ની વાણી. ...કર મન.



ભજન-૬૫

મન! રંગ રંગમય થાને,
રંગ રંગ તું ગાને. ...મન!

રંગ રંગનો સાચો મનવા,
સંગ રંગનો યાચો મનવા,
સંસારી રંગ કાચો મનવા,
ના એમાં ભરમાને. ...મન!

મનથી મુક્તિ, મનથી બંધન,
સુખ દુઃખનું કારણ પણ તું મન,
તું સમજે તો જીવન ધન ધન,
સાને સમજી જાને. ...મન!

રંગ ઊભો લઈ રંગ પિચકારી,
મનવા વાટ જુએ છે તારી,
પાપીગણુ તો ભાગ્યશાળી,
મન કહ્યું એનું માને. ...મન!



ભજન-૬૬

પકડી ગુરુસેવાની વાટ,
વામન બની જતો વિરાટ.

ગુરુસેવાસમ સાધન નાહીં,
સઘળા સુખ ગુરુસેવા માંહી,
રંગ રહે રાજી, રાખી એવો ઉરમાં તલસાટ. ...વામન.

હરતાં ફરતાં ગુરુનું ચિંતન,
તન-મન-ધન સહુ રંગ સમર્પણ,
અનન્ય નિષ્ઠા રાખી, જાણે ગુરુના મનની વાત. ...વામન.

કરે સદા જે જેનું ચિંતન,
થાયે તદ્રૂપ લાગ્યું જ્યાં મન,
કીટ બને ચિંતનથી ભમરી, શિષ્ય તણી શી વાત? ...વામન.

પાપીગણુએ જોડ્યો નાતો,
રંગ-પ્રેમમાં નિશદિન ન્હાતો,
નારેશ્વરનો નાથ દયાળુ પ્રેમે ઝાલ્યો હાથ. ...વામન.

(બહુચરાજી, ૬૧મી પ્રેમજયંતી)



ભજન-૬૭

પ્રેમહૃદયમાં રંગ બિરાજે,
રંગહૃદયમાં દત્તા,
ૐ ગુરુ ૐ ગુરુ અલખ નિરંજન,
જય જય જય અવધૂતા. (૨).

દત્તપ્રભુનો રંગ જ ન્યારો,
રંગ-પ્રેમ ભક્તિનો ક્યારો,
પ્રેમહૃદયમાં રંગ ફુવારો,
સઘળે પ્રેમની સત્તા. ...ૐ ગુરુ.

દત્ત રંગની કરવી ભક્તિ,
પ્રેમ થકી ઉભરાતી શક્તિ,
પાપીગણુ કે' રંગ અનુરક્તિ,
પાડે પાસા ચત્તા. ...ૐ ગુરુ.



ભજન-૬૮

(હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યા રે... એ રાહ)

જીવનવાડી લીલી કરવા પ્રેમતણો વરસાદ થયો,
રંગ-બેરંગી ફૂલવાડીના માળીનો પરસાદ મળ્યો. ...જીવનવાડી.

રંગગુરુના બાલુડા સૌ હળીમળીને રહેવાનું,
ના કોઈ નાનું, ના કોઈ મોટું કામ મિશનનું કરવાનું,
રંગ રહે જેનાથી રાજી જીવો, એવો સાદ કર્યો. ...જીવનવાડી.

દીનદુઃખિયાની સૂણી વાતડી હાથ મદદનો લંબાવ્યો,
દુઃખિયાની આંતરડી ઠારી અર્થ પૂજનનો સમજાવ્યો,
સ્વાર્પણથી જે દત્ત કહાવે, રંગ ઉપદેશ જ યાદ કર્યો. ...જીવનવાડી.

નમવું પડે તો નમી જઈને સહુને સાથે રાખી લો,
ખમવું પડે તો ખમી જઈને રંગગુરુનાં કામ કરો,
નિર્મળ હૈયું નિર્મળ વાણી રાખીને સંવાદ કર્યો. ...જીવનવાડી.

દેહ ત્યજીને ભલે ગયા પણ સૌના હૈયે વસી રહ્યા,
જેની જેવી શ્રદ્ધા-નિષ્ઠા, તેને પ્રેરણા કરી રહ્યા,
પ્રેમ પંથ પર પગલા ભરતા **પાપીગણુ** વિષાદ ગયો. ...જીવનવાડી.



ભજન-૬૯

(ચંદન નારેશ્વરની માટી, રેવાજળ અમૃત છે... એ રાહ)

રંગગુરુના સેવક કેરી સેવા સૌરભ પ્રસરી રહી,
પરિવારના ભક્તજનોના જીવનને મહેંકાવી રહી.

સેવાધર્મ સ્વીકારી પ્રેમે રંગગુરુ રાજી કીધા,
રંગ-રંગસેવકની સેવા સમાન છે માની લીધા,
સહુમાં રંગગુરુને નિરખી નિર્મળ વાણી સદા કહી. ...પરિવારના.

દીન-દુઃખિયાની સેવા કરવી એ છે રંગપૂજા સાચી,
પાણી, વાણી, પ્રકાશને વાપરજો ધ્યાન સદા રાખી,
જીવો એવું જેથી કોઈની આંતરડી દુભાય નહિ. ...પરિવારના.

ગુણગ્રાહી થઈ અન્ય જનોના સદ્‌ગુણ પર દૃષ્ટિ રાખી,
સર્વ સમર્પણ કરી જીવનમાં માગણવૃત્તિ ના રાખી,
ગુણ જોશું તો ગુણમય થાશું એવી વૃત્તિ જીવનમહીં. ...પરિવારના.

પ્રેમ સરળતા સેવામૂર્તિના ઉરમાં અભિમાન રે,
અહંકારની નહીં ગર્જના, ગાતા ગુરુના ગાન રે,
દંડ પાદુકા કર્યા વિસર્જિત, સેવકવૃત્તિ સદા ધરી. ...પરિવારના.

રંગકૃપાથી ભક્તજનોનાં કીધાં અગણિત કામ રે,
“નથી દૈવત મારામાં કાંઈ” “નથી મારામાં રામ રે”,
રંગ ગુરુ સર્વસ્વ જ મારું જીવનમંત્ર રહ્યા રટી. ...પરિવારના.

પ્રેમ સરળતા સેવામૂર્તિ! વંદન વારંવાર હજો,
તુજ ચિંધ્યા મારગ પર ચાલુ એ જીવન શણગાર હજો,
પાપીગણુની નાની માગણી સ્વીકારજો બસ! દયા કરી. ...પરિવારના.

(પાંચમી પ્રેમ પુણ્યતિથિ)

(મહા સુદ ૧૨, વિ.સં. ૨૦૭૩, તા. ૮-૨-૨૦૧૭)



ભજન-૭૦

ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે
ભાર્યા ગૃહદ્વારિ જનઃ સ્મશાને ।
દેહશ્ચિતાયાં પરલોક માર્ગે
કર્માનુગો ગચ્છતિ જીવ એકઃ ॥ (ગરુડપુરાણ)



ભજી લે રે ભજી લે, તું રામનામ ભજી લે.
જે ખવરાવે માર એવી માયા મમતા તજી દે. ...ભજી લે.

ધનભંડાર ભરેલા તારા અહીંના અહીં રહી જાશે,
મારું-તારું કરવામાં આ જીવન એળે જાશે રે. ...ભજી લે.

જેને માની તેં પોતાની એ તારી ઘરવાળી,
ઘરદ્વારેથી અટકી જાશે બતલાવી લાચારી રે. ...ભજી લે.

સગા-સંબંધી સ્મશાન સુધી શરીર ચિતા સુધી,
કોઈ ન આવે તારી સાથે સંબંધ જાશે છૂટી રે. ...ભજી લે.

સારા-નરસા કર્મો લઈને જીવડો એકલ જાતો,
પાપીગણુ તો ગુરુકૃપાથી ગુણ ગોવિંદના ગાતો રે. ...ભજી લે.



ભજન-૭૧

મરનારા પાછળ રડનારા થોડો પણ વિચાર કરો,
આજ નહિ તો કાલ આપણો જાવાનો આવે વારો. ...મરનારા.

ક્ષણે ક્ષણે જે જાય ઘસાતું નામ શરીર એનું જાણો,
યદ્ દષ્ટં તન્નષ્ટં એવું શ્રુતિ-વચન સાચું માનો,
કાળ કર્મને ગુણનો સંગમ શરીર રચના કરનારો. ...મરનારા.

જે ઉગ્યું તે આથમવાનું ખીલ્યું તે કરમાવાનું,
એ નિયમ અવિચલ છે અહીંનો જે જન્મ્યું તે જાવાનું,
રામ-કૃષ્ણ પણ જતાં રહ્યા ત્યાં સંસારીનો ક્યાં આરો? ...મરનારા.

સુખ દુઃખ મનનાં જાણ સોણલાં જન્મ મરણ તન ગંધ અરે!
અજર અમર આત્મા અવિનાશી ના મુક્તિ ના બંધ ખરે!
લખ્યું લલાટે તે થાવાનું, હસી ખુશી સ્વીકાર કરો. ...મરનારા.

જન્મ ધરી સત્કર્મ કર્યું ના, એનો ભલે તમે શોક કરો,
માનવ-જન્મ એળે ગુમાવ્યો તેનો જરૂર તમે શોક કરો,
જેણે જીવન સફળ બનાવ્યું, એનો શોક શું કરનારા. ...મરનારા.

રંગ-પ્રેમથી રંગો જીવન જીવન નંદનવન બનશે,
પાપીગણુ આ મૃત્યુ કેરો શોક-મોહ તારો ટળશે,
ના રડવાનું, ના ડરવાનું રંગગુરુનો જેને સથવારો. ...મરનારા.



ભજન-૭૨

મૃત્યુથી તો તે ગભરાયે, જે ગીતા ના વાંચે.
મૃત્યુથી તો તે ગભરાયે, જે માયામાં રાચે.

અજર અમર આત્મા નથી મરતો,
ખાલી ખોળિયું એ જ બદલતો,
કાયાની માયા રાખીને ખોટો દુઃખી થાયે. ... જે ગીતા ના વાંચે.

મનથી બંધન, મનથી મુક્તિ,
મન વશ કરવા શોધો યુક્તિ,
અભ્યાસેથી મન વશ થાયે,
વૈરાગ્યેથી મન વશ થાયે, પણ એ ના સમજાયે. ...જે ગીતા ના વાંચે.

જો ગીતા વાંચે સંસારી,
જો ગીતા સમજે સંસારી,
મૃત્યુ બનતું મંગલકારી,
ના રડવાનું, ના ડરવાનું, જન્મ સફલ થઈ જાયે. ...જો ગીતા તું વાંચે.



ભજન-૭૩

જેણે રંગચરણ સાચાં સેવ્યાં,
એના ઘર જીવન મહેંકી ઊઠ્યાં.

દિલ રંગ ખુમારી સદા રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી,
આપી બીજાને થતો રાજી, એના હૈયાં ને મન મહોરી ઊઠ્યાં. ...જેણે.

જે સેવા કેરો ધર્મ ગ્રહે, ને ધર્મતણો જે મર્મ લહે,
નિષ્કામ ભાવથી કર્મ ચહે, એના પર **રંગ** આશિષ વરસ્યા. ...જેણે.

નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયનોમાં **પ્રેમ**ની સરવાણી,
સુખ-દુઃખમાં જ્યાં સમતા આણી, અંતરમાં અમૃત વ્હેણ વહ્યાં. ...જેણે.

પાપીગણુ ભક્તિ આ સાચી, '**કરની બિન કથની**'[૧] સૌ કાચી,
જો રંગ પદે તું રહે રાચી, તો જન્મમરણના ફેરા ટળ્યાં. ...જેણે.



૧. કરની બિન કથનીકી કિમત કૌડી જાન બજારો હૈ (પૂ.શ્રીનું ભજન).

ભજન-૭૪

(રાહઃ ઓ જાનેવાલે જાદુગર)

જો જીવનભર સતસંગ મળે તો એને સાચું સુખ ગણજે.
ને અવધૂતી કોઈ રંગ મળે તો એને સાચું સુખ ગણજે.
ને હરિભજનનો રંગ ચઢે તો એને સાચું સુખ ગણજે.

સુત-દારા ને ધન-વૈભવ તો પાપીજનને પણ મળનારા[1],
મળે હરિકથા કે સંત સમાગમ એને સાચું સુખ ગણજે. ...જો જીવનભર.

સાચું સુખ તો છે હરિ સ્મરણે, ને દુઃખ સાચું હરિ વિસ્મરણે[2],
જો જીભલડી નિત રામ રટે તો એને સાચું સુખ ગણજે. ...જો જીવનભર.

પાપીગણુ પાગલ રંગ ચઢે, ને સંત **પ્રકાશ**નો પંથ મળે,
જો જન્મ-મરણાનો ફેરો ટળે તો એને સાચું સુખ ગણજે. ...જો જીવનભર.



---

૧. સુતદારા અરુ લક્ષ્મી પાપીકે ભી હોયે.
૨. સંત સમાગમ હરિકથા તુલસી દુર્લભ હોય.

સંપદો નૈવ સંપદા વિપદો નૈવ વિપદાઃ।
વિપદો વિષ્ણુ વિસ્મરણં સંપન્નારાયણ સ્મૃતિઃ ॥

ભજન-૭૫

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા,
કર્મકાંડની શિબિર પર કર આશિષધારા ગુરુવરા. ...દિગંબરા.

કર્મ કર્યા વિણ રહે ના કોઈ, કર્મ થકી બંધન આવે,
ફળ ચાખે જીવ, છૂટે નહિ જન્મમરણની પરંપરા. ...દિગંબરા.

કર્મપ્રધાન વિશ્વ કરી રાખ્યું, કર્મતણી ગતિ ગહન અતિ,
કર્મ કાયદો અટલ, ન છટકે સંસારી કે યોગીવરા. ...દિગંબરા.

કર કર્મો નિષ્કામ ભાવથી નિમિત્ત બનીને પ્રભુ કાજે,
ના બંધન, ના ફળની આશા, ચિત્તતણી શુદ્ધિ માટે. ...દિગંબરા.

ચિત્તશુદ્ધિ વિણ જ્ઞાન નહિ ને જ્ઞાન વિના ન મળે મુક્તિ,
પાપીગણુ નિષ્કામ કર્મ એ મુક્તિતણી સાચી યુક્તિ. ...દિગંબરા.

(બારસોલમાં કર્મકાંડની શિબિરપ્રસંગે)

(વલસાડ પરિવાર આયોજિત)



ભજન-૭૬

પ્રેમથકી બોલજો, ભાવ થકી ડોલજો,
સૌના અંતરનો છે સાચો પોકાર,
સંતરામ મહારાજનો જયકાર. ...ટેક.

દેવે દીધું તે બધું દીધું બીજાને,
દત્તતણો જાણો અવતાર. ...સંતરામ.

દુઃખિયાના દુઃખ હર્યા, ભૂખ્યાના પેટ ભર્યા,
રોગીના રોગ હરનાર. ...સંતરામ.

આકાશી વૃત્તિ ધરી, માગણવૃત્તિ ત્યજી,
દેવતણો એક જ આધાર. ...સંતરામ.

જ્ઞાન દઈ યોગી કર્યા, ભક્તોના કામ કર્યા,
સંતોનો થાતો સત્કાર. ...સંતરામ.

પાપીગણુ મૂકી શીશ, પ્રેમથી માગે આશિષ,
પાપીને પાવન કરનાર. ...સંતરામ.

(૮-૮-૯૨, શનિવાર, નડિયાદ)



ભજન-૭૭

રંગ પરિવારની ચાર ધામ યાત્રા ગુજરાતે ગણાય,
આજે પણ રોજ રોજ ભક્તની દિવ્ય ગર્જનાઓ થાય રે,
અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત. ...ટેક.

હે... પહેલું તે ધામ રેવા કાંઠડે રે, રૂડું નારેશ્વર ધામ (૨)
ધૂણી ધખાવી લાવ્યા દત્તને, રંગ રાજધાની જાણ રે. ...અવધૂત.

હે... બીજું જે બિલ્લીમોરા ગામની રે, અવધૂત વાડી જાણ,
આજે પણ અવધૂત મહારાજનો ત્યાં હોય છે મુકામ રે. ...અવધૂત.

ત્રીજું તે ધામ ગામ લીંચનું રે, રંગ ગોકુળિયું જાણ (૨)
આનંદ ઓચ્છવ ત્યાં નિત્યનો એવું રંગનું વરદાન રે. ...અવધૂત.

ચોથું તે ધામ સરખેજનું રે રંગ પિયરિયું જાણ,
શોભે અવધૂતનું આત્મલિંગ એવો અવધૂત વિશ્રામ રે. ...અવધૂત.

આવી આ ચાર ધામ યાત્રા રે કરો પરિવાર સાથ,
પાપીગણુ તો ચાલી નીકળ્યો સાથે નારેશ્વરનો નાથ રે. ...અવધૂત.



ભજન-૭૮

શ્રીગુરુલીલામૃત ગ્રંથ, ન્યારો ન્યારો,
રચનારો અવધૂત રંગ, ન્યારો ન્યારો.

જય ગણેશ ને વંદી શારદા,
યોગીશ્વર ગુરુ સંતને સ્મરતાં,
રુકમા વિઠ્ઠલનો રંગ, ન્યારો ન્યારો.

દત્તદયાળના સ્વપ્ને દર્શન,
ફરે ગિરનારે વિપ્ર નિરંજન,
વાગ્યો અગમ્ય ઘંટ, ન્યારો ન્યારો.

તુંજ એક મુજ સ્વામી માનું,
જગમાં ગાવું તારું ગાણું,
પાપીગણુનો **પ્રતિપાળ** ન્યારો ન્યારો.



દત્તબાવનીની પ્રથમ લીટી ભજનમાં ગૂંથી છે.

ભજન-૭૯

(સોના વાટકડી રે... એ રાહ)

સઈજ તણું નાનકડું ગામ, ધામ તીરથ રંગ પરિવારનું.
આપે અંતરમાં આરામ, ધામ તીરથ રંગ પરિવારનું! ...ટેક.

ભક્ત પર કૃપા કરીને અવધૂત આવ્યા અહીં,
વિરાજે સિદ્ધનાથ, સિદ્ધોની ભૂમિ મહીં,
અવધૂતે કીધો મુકામ, ધામ તીરથ રંગ પરિવારનું. ...સઈજ.

સ્તોત્ર દત્તબાવનીની રચના અહીં થૈ ગઈ,
આધિ વળી વ્યાધિ ને ઉપાધિ પણ સૌની ગઈ,
આપે એટમબોંબનું કામ, ધામ તીરથ રંગ પરિવારનું! ...સઈજ.

બાવનના વર્ષ મહીં, બાવની પ્રવેશ કરે,
ભક્તો સૌ ભેળા થઈ આનંદ ઉત્સવ કરે,
આવ્યા છે દેવો તમામ, ધામ તીરથ રંગ પરિવારનું! ...સઈજ.

અવધૂતના પ્રેમ તણું વર્ણન હું શું કરું?
પ્રેમ અવધૂતજીનું ભાવથી દર્શન કરું,
'**કુલીનગણુ**'નો વિશ્રામ, ધામ તીરથ રંગ પરિવારનું! ...સઈજ.

(ફેબ્રુઆરી ૧૯૮૬)



ભજન-૮૦

(નિર્વિઘ્ને પૂરો આ કરજો... એ રાહ)

સંકટવિમોચન આ સ્તોત્ર **દત્તબાવની**,
રચનાર રંગગુરુને ખમ્મા ઘણી ઘણી.
સ્તોત્ર તણા ઉત્સવની કરીએ ઉજવણી. ...રચનાર.

હતો સૈજ ગામે મુકામ શ્રીઅવધૂતનો,
ભક્ત પત્ની[૧] ત્રાસ વેંઠે પિશાચ ભૂતનો,
સ્તોત્ર લખી આપો એવી ભક્તે કરી માંગણી. ...રચનાર.

આવ્યું સ્મરણમાં ત્યાં હનુમાન ચાલીસા,
સ્તોત્ર દત્તચાલીસા રચવાની મનીષા,
રચવી'તી ચાલીસા ને રચાઈ આ બાવની. ...રચનાર.

ગુરુચરિત્ર તણા બાવન અધ્યાય છે,
બાવન અઠવાડિયાનું વર્ષ એક થાય છે,
આદિ-અંત સંકીર્તન પાઠ ફળદાયિની. ...રચનાર.

ભાવ અને ભક્તિથી બાવની ગવાય જ્યાં,
આધિ વળી વ્યાધિ ને ઉપાધિ ટળી જાય ત્યાં,
પાપીગણુ બાવની તો પતિતજન પાવની. ...રચનાર.

(ફેબ્રુઆરી ૧૯૮૬)



---

૧. કમળાશંકર ત્રિપાઠીની પત્ની ધનલક્ષ્મીબેન.

: પરિશિષ્ટ :

(૧)
રંગબાવની

જય યોગીશ્વર રંગ દયાળ દત્તપ્રભુનો તું અવતાર,
વિઠ્ઠલ રુકમા કરી નિમિત્ત દેહ ધરે આનંદ સત્ ચિત્.
પ્રેમ-કરુણાનો અવતાર ભક્તજનોનો તારણહાર.
કારતક સુદની પાવન નોમ પ્રદોષ સમયે મહેંકે વ્યોમ.
ઓગણીસો પંચાવન જાણ વિક્રમ સંવત અનુપમ માન.
ધરા ગોધરા ધન ધન થાય રુકમા વિઠ્ઠલ બહુ હરખાય.
અત્રિ ગોત્ર પાંડુરંગ નામ જાણ વળામે છે ઉપનામ.
ત્રણ વરસના થાતાં, રામ મંત્ર પિતા દેતાં નિષ્કામ.
આઠ વરસ થાતાં ઉપવીત વાસુદેવ દ્વારા દીક્ષિત.
વાસુદેવ સ્વામી મહારાજ દઈ દૃષ્ટાંત કરાવે કાજ.
એકસો આઠ પારાયણ કર દત્તપુરાણ તણા સત્વર.
ઓગણીસો પચ્ચીસની સાલ બેઠા નારેશ્વર મોઝાર.
લઈ પંચમ આશ્રમ અદ્ભુત બને પાંડુરંગ રંગ અવધૂત.
ધૂણી ધખાવી ધરતી પર, પ્રગટ કરે બ્રહ્માહરિહર.
અનુષ્ઠાન ઉદ્યાપનમાંહ્ય પરિક્રમા રેવાની થાય.
દાસ મોદી ને જગજીવન મૂળીબેન વાણી સુમન.
પ્રેમે સેવ્યા રંગચરણ રંગગુરુનું એક શરણ.
પૈસાને ના સ્પર્શે ખાસ સ્પર્શ થતાં કરતાં ઉપવાસ.
દેવ દેવનું કરતો કામ માગણવૃત્તિ હલકી માન.
વૃત્તિથી વૃત્તિ જ ઘડાય સમજે એવું સદા ગુરુરાય.
દુઃખિયાની આંતરડી ઠાર એ જ સાચું પૂજન નિર્ધાર.
વિચાર વાણી વર્તન એક વર્તનથી દેતા ઉપદેશ.
દેવદૃષ્ટિથી વિશ્વ નિહાળ જગ સંવાદિતા સંભાળ.
અભિમાન ને ગૌરવ તૂત જાણ પ્રતિષ્ઠા મોટું ભૂત.
રંગ કરે મા-સેવા જાણ માતૃશૈલ અમૃતની ખાણ.

સ્વપ્ને સદ્ગુરુ આજ્ઞા થાય ગુરુલીલામૃત ગ્રંથ રચાય.
સંકટમોચન સ્તોત્ર રચાય દત્તબાવની દિવ્ય ગણાય.
સ્તોત્ર રચાયા અપરંપાર ભક્તોનાં સંકટ હરનાર.
'અવધૂતી આનંદ' ભજન 'નામસ્મરણ'[૧] ને 'સંકીર્તન'[૨].
અવધૂત શક્તિ અનુપમ માન રંગ ગુરુ સાક્ષાત્ ભગવાન.
દાસને દેતાં હાથોહાથ દસ્તાવેજ નારેશ્વર નાથ.
ગાંડા બાજી ડાહ્યો થાય બગડી બાજી સુધરી જાય.
ભવાનીશંકર કરે સ્મરણ જઈને પલમાં હરે મરણ.
ગોવિંદને ઘેર જઈ દે સાલ વિશ્વનાથને દેતો બાળ.
વાવાઝોડું અટકી જાય રંગ હાથ જ્યાં ઊંચો થાય.
પૂર ભયંકર રેવામાંહ્ય રંગ જુઓ રેવાગીત ગાય.
રંગ તણી ટોપી લઈ જાય ડાકોર ગામે રણછોડરાય.
ગંગા માછણ અબુધ નાર ઘરે ગયા અવધૂત કિરતાર.
બચુભાઈને દઈ દષ્ટાંત હૈયું ને મન કીધું શાંત.
કંઈક જનોના કીધાં કામ દુઃખિયાનો સાચો વિશ્રામ.
લીંચ '**મિનિ નારેશ્વર**' માન રંગ વદે શાંતિનું સ્થાન.
રંગજયંતી જયપુર થાય રંગ પછી હરિદ્વારે જાય.
કારતક માસની કાળી અમાસ મંગળવારની રાત ઉદાસ.
પ્રણવ તણો કરતાં ઉચ્ચાર **રંગ** શરીર છોડે હરિદ્વાર.
રેવાતટ પર તપ કરનાર અંતે ગંગાતટ જાનાર.
રંગ સાચવે બંને[૩] વાત દત્તપ્રભુ એ તો સાક્ષાત્.
રંગ તણો એ નશ્વર દેહ નારેશ્વરમાં લાવ્યા એહ.
આંખે આંસુડા ચોધાર છેલ્લા દર્શન આ નિર્ધાર.
માગશર બીજ ને ગુરુવાર રાત્રે અંત્યેષ્ટિ સંસ્કાર.
દેહ બળે છે ચિતામાંહ્ય વામ હસ્ત ઊંચો થઈ જાય.
પાપીગણુ પાવન થઈ જાય રંગબાવની પ્રેમે ગાય.



---

૧. દત્તનામસ્મરણ. ૨. દત્તનામસંકીર્તન.
૩. રેવાતટે તપ કરવું અને ગંગાતટે મૃત્યુ પામવું- એ બે વાત.

(૨)
પ્રેમચાલીસા

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર શ્રીરંગ-પ્રેમ.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે લઘુતા[1] ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત **કૃપાશંકર** સંસ્કારી, માતા **શાંતિ**[2] સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઇ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
"કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે."
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે[3]. ૧૦.
સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, પ્રેમ, કૃપા, શાંતિ જ જણાએ.
"લીંચ જાણ મીની નારેશ્વર", એવું બોલ્યા રંગ ગુરુવર.
'દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં' એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી. ૨૦.

૧. નાનું, બચુ. ૨. માતાનું નામ શાન્તા. ૩. સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્યમ ।

મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, સેવે[1] ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, 'લીંચ જરૂર આવીશ' એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
"આવીશ કહીને કેમ ન આવ્યા?" બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
[2]એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે.
રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
રંગ-કૃપા-શાંતિનો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, હીર-ઋજુલને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં કુલીન ગણુ, ડૂબી જાતાં પામે ઘણું.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,
ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્ગુરુ રંગકી જય.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



---

૧. હૂંફ આપી વિકસાવે (પક્ષી ઈંડુ સેવે તેમ).
૨. 'કારણ કે જન દષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર, તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.'

(૩)
દત્તબાવનીની બાવની

'જય યોગીશ્વર દત્ત દયાળ' દત્તબાવની દિવ્ય અપાર.
કમળાશંકર[૧] કરી નિમિત્ત, સ્તોત્ર કવચ દીધું નિશ્ચિત.
સ્વયં દત્તનો જે અવતાર, રંગગુરુ એનો રચનાર.
સઈજ-શેરથા કેરું ગામ, અવધૂતે કીધો મુકામ.
સ્મશાન પાસે મંદિરમાંહ્ય, સિદ્ધનાથ મહાદેવ જ ત્યાંય.
ઓગણીસો પાંત્રીસની સાલ, મહા સુદ એકમ સોમવાર.
પિશાચ પીડા કેરો ત્રાસ, ધનલક્ષ્મી[૨] ભોગવતી ખાસ.
ગુરુચરણમાં મૂકી શીશ, ભક્ત કહે આપો આશિષ.
પત્ની તણી પીડા ઝટ જાય, ગુરુજી એવો કરો ઉપાય.
ભક્તદુઃખ જોઈ ગુરુરાય, દ્રવ્યા વિચારે ત્યાં મનમાંહ્ય.
સંકટમોચન સ્તોત્ર થકી, જશે ભક્તનું દુઃખ નકી.
સ્મરણમહીં આવ્યું 'હનુમાનચાલીસા'નું સ્તોત્ર જ જાણ.
દત્તચાલીસા રચવા કાજ, કરે વિચાર શ્રીગુરુમહારાજ.
શ્રીપાદવલ્લભ કુરૂપુર યતિ, યોગી નૃસિંહ સરસ્વતી.
દિવ્ય લીલા વર્ણવતો ગ્રંથ સ્મરણ કરે **અવધૂત શ્રીરંગ**.
ગુરુચરિત્ર તણો એ સાર, સ્તોત્ર બાવની એ નિર્ધાર.
દેવકૃપાનું ફળ એ માન, આપે પરચો શ્રીભગવાન.
પંક્તિ ગણતા બાવન થાય, દરેક પંક્તિ દિવ્ય જણાય.
બાવનની કરવા ચાલીસ પંક્તિ રદ કરવા કોશિશ-
કરે યત્ન જ્યાં શ્રીગુરુરાય, દેવ તણો દષ્ટાંત જ થાય.
સ્તોત્ર જેમનું તેમ જ રાખ, સ્તોત્ર થકી દુઃખ થાશે ખાખ.
ગુરુચરિત્ર તણા અધ્યાય, બાવનની સંખ્યા જ જણાય.
એક વરસનાં બાવન જાણ, દત્તબાવની આ ભવ-તાર.
અનુષ્ઠાન કેરું જે ફળ, બન્યું બાવની કેરું બળ.
રંગ દિવ્ય શક્તિ ભરપૂર, દત્તબાવની કેરું નૂર.

---
૧. સરખેજના ભક્ત.

'અનુભવ તૃપ્તિનો ઉદ્‌ગાર' રંગ તણી કૃપાનો સાર.
શુચિર્ભૂત થઈ, ધૂપ કરી, શ્રદ્ધા ભક્તિ ઉરમાં ધરી.
યથાવકાશે નિત્ય નિયમ, કરે પાઠ દંડે ના યમ.
આદિ અંત સંકીર્તન પાઠ વિશેષ ફળદાયી એ વાત.
બાવન ગુરુવારે જે જન, કરે પાઠ પ્રેમે બાવન.
આધિ વ્યાધિ ઉપાધિ જાય, દાસી સિદ્ધિ તેની થાય.
અઘોરકષ્ટ તણો એ નાશ, કરે પલકમાં ધર વિશ્વાસ.
બધું ભૂલાશે આ જગમાંહ્ય, દત્તબાવની નહીં ભૂલાય.
રહેશે તારા સૂરજ સોમ, જાણ બાવની એટમ બોમ.
અવધૂતની આગાહી જાણ, દત્તબાવની સુખની ખાણ.
કંઈક જનોના કીધા કાજ, આજે પણ પરચા સાક્ષાત્.
કલાવતી[૧]ની પીડા જાય, કમળાશંકર સુખી થાય.
દત્તબાવની હાથ ધરી, બાળે રેવા પાર કરી.
બબીબેનની ટાળી પીડ, ભૂત ભગાડ્યું, ન્યારી રીત.
ચાર વરસનો જૂનો તાવ, કાઢ્યો દેખી પ્રમોદ ભાવ.
'મરા મરા'થી મુનિ થયો, 'બાવની' શબ્દે ત્રાસ જ ગયો.
મત્ત ઈન્દ્રને દીધી ઊંઘ રંગ પાદપદ્મે એ ભૃંગ.
જયદેવને કીધી સ્હાય, સાધલી ગામે શિક્ષક થાય.
પરચા એવા અપરંપાર, કહેતા ના'વે એનો પાર.
પ્રથમ બાવની આ જ રચાઈ, અન્ય બાવની પછી લખાઈ.
રંગે આપી આ તલવાર, જન્મમરણનો ફેરો ટાળ.
હરતાં, ફરતાં, કરતાં કામ, રાત દિવસ જે ગાયે આમ.
સઘળાં સંકટ દૂર જ થાય, પાપી પણ પાવન થઈ જાય.
અંતઘડીએ આવે યાદ, સદ્‌ગુરુ રંગા સૂણે સાદ.
ભાવભક્તિ શ્રદ્ધા ને **પ્રેમ અવધૂત** એને ભૂલે કેમ?
રંગચરણમાં થઈને લીન ગાય બાવની **ગણુ-કુલીન**.



૧. કમળાશંકરના પત્ની ધનલક્ષ્મીબેનનું બીજું નામ.

(૪)
યાચના (પરમાત્મપદે)નું સમશ્લોકી ભાવાનુવાદ

પરમાત્મપદે રતિ દે તું પરા, વર નમ્ર બની રંગા યાચું,
હે ગુરુવર! વર ન અવર યાચું.
જગજાણીતું તુજ દાનીપણું, દુઃખિયાં ગાતાં સુખનું ગાણું,
સિદ્ધિયુત નવનિધિ નજરાણું વિલસન્તુ તુજ ચરણે ભાળું. ...હે ગુરુવર.

દૃષ્ટિ હરિરત રે'તી તારી, વિષયો જાતાં જાતે હારી,
તવ શાન્તિ સુધા સાગર ભારી, દુષ્ટો પ્રતિ પણ તું માયાળુ. ...હે ગુરુવર.

ભિક્ષા લીધી જનની કરની, રે'વા ભૂમિ રેવાતટની,
તુજ સમ જગમાં કો ઉદાર નથી, હું કૃપણ કહેને ક્યાં યાચું? ...હે ગુરુવર.

બ્રહ્માહરિહરમય તુજ હૃદયે, શોભે મૂર્તિ હૈયે અભયે,
કર વરદ અભયપ્રદ છોડીને, દોડીને બીજે ક્યાં યાચું? ...હે ગુરુવર.

આ મરુજલ છે કે છે જલધી? ફણીધર છે કે પછી છે રસ્સી?
નક્કી નથી કરી શકતી બુદ્ધિ, 'મણિ' કાચ મણી મહીં શું સાચું? ...હે ગુરુવર.

તુજ ચરિતે વિસ્મિત યોગીજનો, જીત્યાં વાણીથી મૌનીજનો,
તપવ્યાં તપથી તેં સૌરજનો, હે વિજયાગ્રણી! નમવું માથું. ...હે ગુરુવર.

નિર્જન વનમાં જઈ વાસ કર્યો, તરુવલ્કલ વસ્ત્ર જટાને વર્યો,
કરદંડ ધર્યો, ભવરોગ હર્યો, વાણીથી પર તું, તુજને નમું. ...હે ગુરુવર.

'મણિશંકર શાસ્ત્રી' રચિત કૃતિ, રંગરાજ થકી પામી સ્વીકૃતિ,
રંગાનુગ્રહે અનુવાદ થતી, મન **'કુલીનગણુ'**નું ગુણ ગાતું. ...હે ગુરુવર.



(૫)
પાદુકાપૂજન ભાવાનુવાદ

(પૂ. મણિશંકર શાસ્ત્રી રચિત)
(દત્તપ્રણતિના રાગે)

ધ્યાન

ગ્રીષ્માન્તે નીલવર્ણા મેઘસમા શ્યામલ,
નયનકંજ ને જટાધારી કૌપીન કટિવર,
વામ કરે વર દેતા, અન્ય કરે દંડધર,
ધ્યાન ધરું મન દ્વારે ઊભા રહો ગુરુવર. (૧)

આવાહન

પરા પ્રકૃતિ ને અન્નપૂર્ણા રુકમામ્બા,
વિઠ્ઠલ અત્રિ પરમ પુરુષ સર્વે સર્વા,
ઊભા મુજ મન મંદિરિયે સ્વાગત કાજે,
રંગગુરુ! ના વિલંબ કર, આવી જાજે. (૨)

આસન

મારા મનની વિવિધ વાસનાઓ કેસર,
પ્રભા થકી ઉજ્જવલ દલ પદ્મ જુઓ સુંદર,
ભવભ્રમભંજક ગુરુવર હું અર્પું આસન,
વૈભવ છોડી, સુખે બિરાજો હે ભગવન્! (૩)

પાદ્ય

એક તમે ને લાખો ભક્ત તમારે છે,
સંકટમાં સઘળા સાથે પોકારે છે,
એકી સાથે સઘળે જાવ તમે દોડી,
થાક્યા ચરણ પખાળું અશ્રુ જળ છોડી. (૪)

અર્ઘ્ય

નયનાશ્રુની ભરી અંજલિ મેં ખોબે,
એમાં મારા શિરતણું શ્રીફળ શોભે,
સર્વ સમર્પણ રંગતણા કરકમળમહીં,
જીવન મારું અર્ઘ્ય બનીને જજો વહી. (૫)

આચમનીય

સરિતા કેરા જળનું સવિતા નારાયણ,
પોતાના કિરણો દ્વારા કરતાં આચમન,
તેમ તમારો આત્મા સૂર્ય બની ભગવન્!
અમ ભાવન વારિનું રંગ કરો આચમન. (૬)

મધુપર્ક

જ્ઞાન-દહીં ગુણગાન- મધુ ને ધ્રુત-યજનં,
પ્રમોદજનને મધુપર્કે પૂજું ભગવન્,
સૂર્યસમા દત્તારાગી સદ્‌ગુરુવર હે!
પ્રેમોદય ભવભીતિક્ષય કરુણા કરજે. (૭)

પયઃસ્નાન

વસિષ્ઠવંશજ પૂજન સેવન સદા કરે,
સ્વર્ગંગાના તટે વિરાજી શોભી રહે,
સહુ સંકલ્પો દોહન કરનારી આવે,
કામધેનુ તને અજસ્ર પ્રેમે નવરાવે. (૮)

દધિસ્નાન

સ્વર્ગમહીં સુરવર તેજસ્વી યજ્ઞાર્થે,
ક્ષીરસાગરથી શશીસમ દિવ્ય દહીં લાવે,
ઈન્દ્રભવન છોડી અહીં દેવાંગના આવે,
રંગા! તુજને આનંદપૂર્વક નવરાવે. (૯)

ઘૃતસ્નાન

ભડભડ બળતા સૂર્યતણા અગ્નિકુંડે,
વિમલ સોમરસધારા ઘૃતધારા બનશે,
સકલ જગત પ્રાણીનાં શ્રેયતણું સાધન,
આપતણા સ્નાનાર્થે ઉપયોગી ભગવન્. (૧૦)

મધુસ્નાન

માધવપુત્ર તણો આ મિત્ર વસંત આવ્યો,
માધવલાલ તણું એ મીઠું મધ લાવ્યો,
લતામહીંથી ઝરતો સરસ સુમનરસ જે,
સ્નાન કરાવે ત્યારે રંગા! તન ધરજે. (૧૧)

શર્કરાસ્નાન

નંદનવનથી લાવી શેરડી રસ કાઢી,
યજ્ઞતણા અગ્નિથી શુદ્ધ કરી નાંખી,
રંગા! લાવું શુદ્ધ થયેલી એ સાકર,
વિશ્રાંતિ દેનારું, સ્નાન બનો ગુરુવર. (૧૨)

મિલિત પંચામૃત સ્નાન

કામધેનુ આંચળથી ઝરતું દૂધ અહીં,
નંદાનંદથી થીજેલું ગોપી-ઘર દહીં,
અરુંધતી ઘરનું ઘી પુષ્કળ મધ લાવું-
કલ્પવૃક્ષનું, સાકરથી હું નવરાવું. (૧૩)

ગંધોદક સ્નાન

સુગંધી સુમનો ને વસ્તુના મધુર અર્કે,
રમણીય તીવ્ર સુગંધે દિગ્ગજ સંતોષે,
સુરવર રંગા! ગંધોદકનું સ્નાન કરો,
નમસ્કાર કરું, હેતુ વિણ હિત કરનારો. (૧૪)

ઉદ્વર્તન સ્નાન

કસ્તુરી ને વળી ચંપા કેરા તેલ થકી,
કાઢેલા આ સુગંધી અત્તરથી મિશ્રિત,
રંગા! તુજ તેજસ્વી તનુના સંગ થકી,
સુંદર ચંદન શોભી રહો ઉદ્વર્તનથી. (૧૫)

તીર્થોદક સ્નાન

તારા ચરણકમલના સ્પર્શે જલ આદિ,
તીર્થરૂપ સૌ બની જતા હે રંગાજી!
તુજ પાવનકારી ચરણસ્પર્શે રંગા,
તીર્થરાજ હો સરિતા, સિંધુ, સ્વર્ગંગા. (૧૬)

શુદ્ધોદક સ્નાન

પ્રભાતિયાથી નભને પાવન કરનારી,
સિદ્ધ ઋષિની પત્નીઓ સૌ કર ધારી,
સુવર્ણઘટમાં સાત સમુંદર જળ લાવે,
પુત્રપ્રેમથી રંગા! તુજને નવરાવે. (૧૭)

વસ્ત્ર

વૃક્ષછાલ કે તાજા પર્ણનું વસ્ત્ર ગમે,
દિગંબરાની સ્થિતિમાં મનડું ઝાઝું રમે,
આ બંને મુજ રુદિયામાં તમને મળજો,
હૃદયકમળરૂપી આ વસ્ત્ર તમે ધરજો. (૧૮)

યજ્ઞોપવીત

રુદ્ર, સૂર્ય, વસુ, વેદાગ્નિ ને મહાભૂતો,
ઈન્દ્ર, પિતૃ કુલ-પર્વત ઋષિ વિશ્વદેવો,
નાગલોક, પ્રકૃતિ પુરુષ આ પ્રાણાન્વિત,
બ્રહ્માહરિહરયુક્ત ધરો પ્રભુ આ ઉપવીત. (૧૯)

અલંકાર

જે આભૂષણ દત્તપ્રભુને પહેરાવ્યા,
મા અનસૂયાએ જેનાથી શણગાર્યા,
તે આભૂષણ રંગ તમે પહેરો પાછાં,
લોકો જાણે સ્વયં દત્ત છે રંગરાજા. (૨૦)

ગંધ

કસ્તુરી, કેસર ને અગરુ મિશ્રિતચંદન,
વ્રજાંગનાએ શણગાર્યા યશોદાનંદન,
એવી શોભા રંગ અંગની ધૂળ ધરતી,
અસહ્ય તોયે લાગે, હું ચંદન કરતી. (૨૧)

અક્ષત

ભાસ્કર ભૂરા આકાશે જ્યાં ઉદિત થતો,
તારા, ગ્રહ, નક્ષત્ર ગુરુ ઝાંખો પડતો,
ભાલે ચંદ્રકળા જેવી અક્ષત પંક્તિ,
ધરે સૂર્યને ઝાંખો કરવાની શક્તિ. (૨૨)

પુષ્પો

લતા વૃક્ષ ને વનસ્પતિ સૌ ઋતુકાળે,
પર્ણ ફૂલ ને ફળનાં મબલખ ઢગ સાથે,
તુજ ગુણ ઉપલક્ષિત નીલ અંબરને અર્પણ,
અમે પૂજામાં એ ફળ ફૂલ ધરતાં કૃપણ. (૨૩)

પુષ્પમાલા

વૃક્ષ વેલીથી વીંટળાયેલું નારેશ્વર,
કેમ ગમ્યું તુજને તે જાણ્યું મેં ગુરુવર,
જડ પદાર્થથી અમને સૌને હાર મળી,
પાદપદ્મ પૂજન તો પણ ફૂલહાર ધરી. (૨૪)

દુર્વા-તુલસી-બિલિપત્ર

હરના અંશ તમોને પદ્મ બિલિપત્ર,
હરિના અંશ તમોને ફૂલ તુલસીપત્ર,
વિધિના અંશ તમોને હું અર્પણ કરતો-
દુર્વાંકુર ને દર્ભ વળી જવ હું ધરતો. (૨૫)

પરિમલ સૌભાગ્ય દ્રવ્યો

ચૂણ પૂજાવિધિમાં મણિ મોતી ચૂર્ણ ધર્યું,
દ્રોહ પરસ્પર ધરી જીવન બરબાદ કર્યું,
કલાપૂર્ણ આ શ્વેત રક્ત પીળા ચૂર્ણે,
ક્ષોભ વિના પ્રભુ પૂજા સ્વીકારી લો તૂર્ણે. (૨૬)

ધૂપ

જ્ઞાનાગ્નિ કુંભકથી મતિ વિષયો બાળી,
દૂર રહેલા દૂરિત સમૂહને પ્રજવાળી,
ગમે તને તેવો આ ધૂપ પ્રભુ ધરતો,
દીનબંધુ! રંગા! હું ધૂપ પૂજા કરતો. (૨૭)

દીપ

દિવસે દિનમણિ, રાતે શશિ-નક્ષત્રપતિ,
તુજ સેવામાં અન્ય દેવગણ ગ્રહપતિ,
દીપ બનીને પ્રકાશ પાથરતાં ગગને,
ધરું માનસિક દીપાવલી રંગ! તુજ પૂજને. (૨૮)

નૈવેદ્ય

આમ, પક્વ, દૂધમાં રાંધેલા ઘીમાં તળ્યાં,
ચૂસવાનાં, ચાટણ, પીવાનાં દ્રવ્ય બધાં,
સુરનર મુનિવર સેવ્ય, સકલ રસવિદ્ ગુરુવર,
શરમ તજી નૈવેદ્ય ભાવનું ધરું યતિવર. (૨૯)

સમર્પણ

પ્રાણ, અપાન ને વ્યાન ઉદાન સમાન વળી,
પંચપ્રાણના પોષણ કાજે ગ્રાસ ધરી,
પંચગ્રાસ નૈવેદ્ય તણા સ્વાહા થાઓ,
મુખક્ષાલન કાજે ચંદન-જળ સ્વીકારો. (૩૦)

ફળ

આપ તણા સત્સંગે સુકૃત કંઈ કીધું,
જાણ્યે અજાણ્યે અકસ્માત કંઈ દઈ દીધું,
એનું ફળ મળવાનું હોય જો કાંઈ મને,
મુખ શુદ્ધ્યર્થે ફળરૂપે ફળ અર્પું તને. (૩૧)

તામ્બુલ

તુજ હૈયે વસતા સહુ દેવો રંગ ગુરો!
એની પૂજા પ્રસાદ પીયૂષનો ચૂનો,
અત્રિજ-દત્તની ભક્તિતણા કાથાવાળું,
મુખવાસાર્થે હૃદયપદ્મપત્ર જ લાવું. (૩૨)

દક્ષિણા

હેમ રજતના ગિરિવરને પણ સ્પર્શો ના,
ચલણી સિક્કાની ગુરુવર પછી વાત જ કાં?
પૂજાની સાંગતાર્થે સદ્‌ગુણ સિદ્ધિમાં,
મન-વાણી અર્પણ કરતો દક્ષિણામાં. (૩૩)

વિશેષાર્ઘ્ય

માતપિતાના ચરણકમળના સેવનથી,
સદ્‌ગુરુને વળી અતિથિદેવને નમન થકી,
વેદ જ્ઞાન કે યજ્ઞકર્મથી પુણ્ય મળ્યું,
વિશેષાર્ઘ્યમાં દેવ તમારે ચરણ ધર્યું. (૩૪)

પ્રદક્ષિણા

રંગગુરો! કરું પ્રદક્ષિણા હું ફરી ફરી,
પુષ્પાંજલિ અર્પું હું હૈયે ભાવ ધરી,
કરું સદા હું સ્તોત્ર થકી સ્તુતિ ભક્તિ,
દેવ વખાણે એવી આપ આપો શક્તિ. (૩૫)

નમસ્કાર

બ્રહ્મતેજથી ભૂષિત જેનું ભાલ ખરે,
દિવ્ય તેજથી વિશાલ નયનો શોભે અરે,
શાંતિ દેનારું મુખડું જેનું મધુરું,
રંગગુરુનાં ચરણકમળમાં નમન કરું. (૩૬)

ક્ષમાપન

ગુરુ ગિર્વાણ! ગિરિસમ ગુણલા ગણગણવા,
શક્તિમંત ના હું મારી નિર્બળ ગિરા,
અનુભવી મનડું તો પણ અબોલ છે વ્હાલા,
ક્ષમા માગે કરી **કુલીનગણુ** કાલાવાલા. (૩૭)

સમર્પણ

રંગગુરુ ભગવાન પદાંબુજ તુજ ન્યારા,
થઈ પૂજા આ નાની શી જેના દ્વારા,
સહુ પ્રાણીના અંતરમાં રહેલો આત્મા,
પ્રસન્નતા પામો શ્રીદત્ત પરમાત્મા. (૩૮)



(૬)
(ડાકોરવાળા ઠાકોર તમને લાખો પ્રણામ- એ રાહ)

લીંચનિવાસી ગુરુવર, તમને લાખો પ્રણામ.
શુદ્ધ પ્રેમના સાગર, તમને લાખો પ્રણામ.

રંગગુરુ ચરણાંબુજ કેરી,
સેવક! સેવા કરી અનેરી,
તત્પીડા હરનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

પુનિત પ્રેમપીયૂષ પયોધિ,
ભક્તજનોને દીધાં ઝબોળી,
ડૂબકી મરાવનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

સરસિજ સરખાં નયન તમારા,
ભક્તવૃંદના અઘ હરનારા,
પ્રેમપીયૂષ પાનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

રંગગુરુપાદાંબુજ મધુકર,
કરું વંદના હે તત્કિંકર,
સૌરભ પ્રસારનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

રંગતણા મનના વિચારો,
જાણી, કર્યા જીવનવ્યવહારો,
તરત અમલ કરનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

ભવ્ય ભાલ શોભે અતિ સુંદર,
નેત્રો ચમકે, શ્વેત જટાધર,
સ્મિતવદન ધરનારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.

‘**જાની**’[૧] રચિત સંસ્કૃત ગુરુપ્રણતિ,
થયો અનુવાદ આ રંગકૃપાથી,
કુલીનગણુના પ્યારા, તમને લાખો પ્રણામ. ...લીંચનિવાસી.



૧. ડૉ. અરુણોદય જાની.

(૭)
મંગલાષ્ટક

રિદ્ધિ સિદ્ધિ તણા પતિ **ગણપતિ**, માતા **જયા** આવજો,
રાજા શ્રીરણછોડ ને સદ્‌ગુરુ **શ્રીરંગ** રેલાવજો,
પ્રેમે આ નવદંપતી ડગ ભરે, આશિષ વરસાવજો,
જૂઈ-હર્ષલ કુલદીપક બને, કુર્યાત્ સદા મંગલમ્. ...૧

ગંગા સિંધુ સરસ્વતી ચ યમુના ગોદાવરી નર્મદા,
તાપી ને વળી તુંગભદ્ર સરયૂ કાવેરી હો શર્મદા,
જૂઈ માંડવડે ઊભી હરખથી, **હર્ષલ** તણી ઓથમાં,
સ્નેહે સ્નાન કરાવજો હૃદયથી, કુર્યાત્ સદા મંગલમ્. ...૨

આકાશે રહી પુષ્પમાળ ધરતા નાના **જીવણલાલજી**,
ભાણેરાવ પરે કરંત વર્ષા **તિલોત્તમા** નાનીજી,
બાલ્યે ગોદમહીં રમ્યા હરખથી તે આજ રાજા બને,
એવા એ વરરાજ-રાણી જીવને કુર્યાત્ સદા મંગલમ્. ...૩

દાદા દાદી **કિશોર** ને **સુમન**ની જૂઈ અતિ લાડકી,
નાના શ્રી **ધન્વન્તરાય** ઉરમાં જૂઈ વધે સ્નેહથી,
સુકન્યા જયશ્રી સદા મહેંકતી જૂઈ સદા આંગણે,
હેમંતે ખીલવી સદા પ્રણયથી કુર્યાત્ સદા મંગલમ્. ...૪

જેની સાથ હસી, રમી, કદી લડી, **કિલ્લોલ** સંભારણા,
ભાઈ આજ લઈ રહ્યો જૂઈ તણા વિદાય ઓવારણા,
બેની-બાંધવ બેલડી અમ રહો સંસ્કારના પારણાં,
પ્રેમે આ નવદંપતી અમર હો, કુર્યાત્ સદા મંગલમ્. ...૫

વેલી જૂઈ તણી સદા પમરતી માતાપિતા સંગમાં,
હેતે હર્ષ થકી રહે મહેંકતી સાસુ શ્વસુર રંગમાં,
જેની સાથ રહે સદા વિનયથી, વિવેકથી શોભતી,
જૂઈ ડોલી રહો હવે પતિગૃહે કુર્યાત્ સદા મંગલમ્. ...૬

પિતા પ્રેમ **કુલીનચંદ્ર** હૃદયે જૂઈ તમે પામજો,
માતાની મમતા સદા પ્રગટજો આ **અંજની** ઉરમાં,
સેવી સદ્‌ગુણને સદા જીવનમાં, આ કુળ દીપાવજો,
સંસારે પ્રસરો સુવાસ સુરખી, કુર્યાત્ સદા મંગલમ્. ...૭

રંગા! પ્રેમથી રંગજે યુગલને **પાપીગણુ** વાંછના,
રંગા! પ્રેમમહીં રહે યુગલ આ, રે ના કશી વાસના,
રંગા! પ્રેમનું દંપતી પ્રતિક હો, એવી ઉરે ભાવના,
રંગા! પ્રેમથી યોગક્ષેમ વહજે, કુર્યાત્ સદા મંગલમ્. ...૮

રવિવાર, તા. ૧૧-૬-૯૫ (ચિ. હર્ષલ-જૂઈના લગ્નપ્રસંગે)



(૮)
આરતી

(શંકરની)

સ્મશાનેષ્વાક્રીડા સ્મરહર પિશાચા સહચરાઃ ।
ચિતાભસ્મલેપઃ સ્ત્રગપનૃકરોટિપરિકરઃ ॥
અમંગલ્યંશીલં તવ ભવતુ નામૈવમખિલં ।
તથાપિ સ્મર્તૃણાં વરદ પરમં મંગલમસિ ॥



જય ભોળા શંભુ, સ્વામી જય ભોળા શંભુ!
પશુપતિનાથ સ્વયંભૂ ભાવ થકી વંદુ. ...ૐ જય.

સ્મશાનમાં તુજ વાસ ભૂતોની ટોળી,
ગળે રુંડની માળા ચિતાભસ્મ ચોળી. ...ૐ જય.

વેશ અમંગલકારી ભય ભીતિ જાગે,
નામ અતિ મંગલકારી દુઃખ સર્વે ભાગે. ...ૐ જય.

શિવશંકર ગંગાધર ચંદ્ર ધર્યો ભાલે,
પીધું ઝેર હળાહળ મસ્તીમાં મ્હાલે. ...ૐ જય.

ગુણલા અપરંપાર ગાવા શી રીતે?
પાપીગણુ પાગલ થઈ ગાયે છે પ્રીતે. ...ૐ જય.



(૯)

પ્રેમાવધૂત પ્રશસ્તિ

ગજાનનને નમી પશ્ચાત્ નમું શારદમાતને,
પાંડુરંગ ગુરુ વંદી કરું સંસ્તુતિ પ્રેમની. ...૧

વસંતા લીંચમાં યોગી નામે શ્રી બચુભાઈ જે,
રંગાવધૂત ભક્તિથી રંગરૂપ બન્યા સ્વયં. ...૨

સચ્ચિદાનંદનું રૂપ ખરે દત્ત કલિયુગે,
તેની સેવાકૃપાથી તો ધન્ય જીવન તેમનું. ...૩

માતા-પિતા તણા ભક્ત ગુરુસેવા પરાયણ,
વંદનીય બન્યા સૌના, સંત રંગપ્રસાદથી. ...૪

મનડું જ્યાં જ્યાં જતું ત્યાં ત્યાં કરે દર્શન દત્તનું,
તેનાથી ચિત્ત શુદ્ધિ ને પ્રભુદર્શન સર્વમાં. ...૫

ગોસેવા વિપ્રસેવા ને મત્સ્યસેવા તમે કરી,
રોગી સેવા કરીને હા જીવન્મુક્ત બન્યા સ્વયં. ...૬

પ્રણમું પાંડુરંગાને વંદું દત્ત સ્વરૂપને,
તન્મૂર્તિની પ્રતિષ્ઠા થૈ, નમું તેને ફરી ફરી. ...૭

ઈન્દુભાઈ[1] ઘરે પુણ્યે, લોકોથી અભિવંદિત,
સ્થાપીને ગુરુમૂર્તિ આ નંદલાલ[2] થયા સુખી. ...૮

ભક્તિભાવ થકી સેવે રંગને જે અહર્નિશ,
પ્રસન્ન ભક્તિથી થાતાં ભુક્તિ મુક્તિને પામશે. ...૯

નંદુરબારકરે[3] કીધી અવધૂત પ્રેમ પ્રશસ્તિ આ,
સંસ્કૃતે, સમશ્લોકી આ કરે **કુલીનગણુ** યથા. ...૧૦



૧. ડૉ. ઈન્દુભાઈ દવે, અમદાવાદ. ૨. નંદસુખલાલ શ્રોફ (શ્રોફકાકા), મુંબઈ.
૩. દત્તાત્રેય પાંડુરંગ નંદુરબારકર.

(૧૦)

ધૂન

દત્ત દત્ત બોલ, ગુરુદેવ દત્ત બોલ,
અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત બોલ.

દત્ત તણા અવતાર હો,
 જય જય રુકમા વિઠ્ઠલલાલ,
રુકમા વિઠ્ઠલલાલ (૨)
 પાપીગણુના પ્રતિપાળ હો. ...



(૧૧)

ઋણ રુકમાનું ઘણેરું રંગભક્તોને શિરે,
રુકમામ્બાનું શરણ ગ્રહે તેના યોગક્ષેમ એના શિરે.

શ્રુતિપુરુષ વિઠ્ઠલની જાયા, પરાપ્રકૃતિ રુકમામ્બા,
બ્રહ્મનિષ્ઠ યોગીન્દ્રવર્ય શ્રીરંગ જનેતા જગદમ્બા,
પામર જનની જનની દેવી, તારી તો પછી વાત જ શી રે. ...ઋણ. ૧

તારે લીધે માડી અમને સદ્‌ગુરુવર શ્રીરંગ મળ્યા,
તારે લીધે આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિતાપ ટળ્યા,
તારા ચરણે સઘળા તીર્થો, પ્રયાગ, મથુરા, કાશી રે. ...ઋણ. ૨

તું ન હોત તો નારેશ્વરનું નંદનવન ક્યાંથી મળતે?
તું ન હોત તો શૈલરાજનું તીર્થ અહીં ક્યાંથી બનતે?
તું ન હોત તો ક્યાંથી ટળતે માનવ લખ ચોરાશી રે. ...ઋણ. ૩

પામર જનની 'મા' કેરું પણ ઋણ નથી જો ચૂકવાતું,
પરબ્રહ્મની જનની કેરું ઋણ ચૂકવવાની વાતું,
પાપીગણુ ઋણ ગણગણવાનું, ચૂકવવાની વાત જ શી રે? ...ઋણ. ૪

રંગ અમારું દૈવત માજી! આપ જ દૈવત રંગતણું,
તું મા મારી, હું પણ તારો, શીશ ઝૂકાવે **કુલીનગણુ**,
જીવનમાંહી રંગતણા આદર્શો રહો પ્રકાશી રે. ...ઋણ. ૫

ગાંધીનગર પાટોત્સવ, સં. ૨૦૪૬
સને ૧૯૯૦



(૧૨)
મંજુલા'બા'ને ભાવાંજલિ

મંગલ પથ પર ડગ માંડ્યા ને પ્હોંચ્યા રંગચરણમાં,
જુસ્સો રંગગુરુભક્તિનો રાખ્યો સદા જીવનમાં,
લાભ લીધો તમે પરિક્રમાનો રેવા હર ૐ ગાતી,
બાણ ૐનું, લક્ષ્ય બ્રહ્મનું, હરિ ૐ સમ સાથ.
નેણ વેણ તો હતા કડક પણ હૈયે પ્રેમ ફૂવારો.
ભાવભક્તિની નિર્મલ ફોરમ ફેંકે જીવનક્યારો.
વાંચ્છીને કલ્યાણ સહુનું સેવા સહુની કીધી,
જરા, વ્યાધિને સહી લીધી ને અંતિમ વિદાય લીધી.
લિપ્ત અલિપ્ત રહીને જીવ્યાં રે'શો સદા સ્મરણમાં,
પાપીગણુની એક જ અરજી રાખે રંગ શરણમાં.

તા. ૨૪-૫-૨૦૧૩ [દમામ (સાઉદી અરેબિયા)]



(૧૩)
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાયના પ્રકાશનો

૧. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર (ભાગ ૧ થી ૭)
૨. અવધૂતી આનંદ મસ્તી (ભાગ ૧ થી ૩) (૨૪૦ ભજનોનું વિવરણ)
૩. શ્રીરંગ જન્મ શતાબ્દી સંકેત શતક (ભાગ ૧ થી ૩) (૧૦૧ દોહરાનું વિવરણ)
૪. બાળકોના રંગદાદા (ગુજરાતી) (ભાગ ૧ થી ૧૬)
૫. Our Beloved Rangdada (ભાગ ૧-૩)
૬. બાળકોના પ્રેમુદાદા (ગુજરાતી) (ભાગ ૧-૨)
૭. Premudada of Kids (ભાગ ૧-૨)
૮. સ્વાન્તઃ સુખાય ગુરુલીલામૃત પાન (જ્ઞાનકાંડ)
૯. શ્રીરંગલીલા કથામૃત (૬૦ લીલા પ્રસંગો)
૧૦. શબ્દકોષ (શ્રીગુરુલીલામૃતનો)
૧૧. શબ્દકોષ (અવધૂતી આનંદનો)
૧૨. દત્તબાવની- વરદ વાર્તિક
૧૩. દત્તબાવની- ૭૫ પ્રશ્નોત્તર
૧૪. દત્તબાવની સચિત્ર વરદ વાર્તિક
૧૫. બાવની ષટકમ્ (છ બાવનીનો સમૂહ)
૧૬. દત્તપ્રણતિ (સાર્થ અને સમજૂતી સાથે)
૧૭. દત્તનામસ્મરણ (નામસ્મરણની સમજ સાથે)
૧૮. સ્તોત્ર દ્વય (ભાગ ૧ થી ૪)
૧૯. સ્તોત્ર ત્રિતય
૨૦. સ્તોત્ર પંચકમ્
૨૧. ષોડશ સ્તોત્રાણિ

૨૨. કતિપય સ્તોત્રાણિ
૨૩. સ્તોત્ર સંજીવની
૨૪. સ્તોત્રાવલિ (નારેશ્વર મંદિરે બોલાતા સ્તોત્રોનો શબ્દાર્થ અને સળંગ અર્થ)
૨૫. દકારાદિ સહસ્ર નામાવલિ
૨૬. દત્તદર્શનયાત્રા
૨૭. દત્તધામયાત્રા
૨૮. નમામિ વિઘ્નેશ્વર પાદપંકજં
૨૯. દેવપૂજન (ગણપતિપૂજા)
૩૦. રંગ પાદુકાપૂજન
૩૧. શ્રીરંગ પાદુકાપૂજન પદ્ધતિ
૩૨. પાદુકાપૂજન રહસ્ય
૩૩. અભિષેકત્રયી
૩૪. ઉષઃપ્રાર્થના-સાયંપ્રાર્થના
૩૫. મહર્ષિ રંગ અવધૂત (પ્રકાશકઃ સુધીરભાઈ સોની. ૧ લાખ નકલ)
૩૬. મહર્ષિ રંગ અવધૂત (પ્રકાશકઃ ઈમેજ પબ્લિકેશન. ૫૦૦૦ નકલ)
૩૭. રંગ અવધૂત (પ્રકાશકઃ બાલભારતી પ્રકાશન)
૩૮. જગદ્‌ગુરુ શંકરાચાર્ય (પ્રકાશકઃ બાલભારતી પ્રકાશન)
૩૯. શ્રીમદ્ રાજચંદ્ર (પ્રકાશકઃ બાલભારતી પ્રકાશન)
૪૦. ભજનામૃતમ્
૪૧. પંચામૃતમ્
૪૨. **'પાપીગણુ'**ની રંગ ભજનાવલિ
૪૩. અમરવાણીનો આચાર
૪૪. આનંદઅમૃતપ્રપા
૪૫. ગંગાપૂજન
૪૬. ગુજરાતી કક્કો

૪૭. ગુરુ ઘર આવ્યા
૪૮. ગુરુ પૂર્ણ 'મા'
૪૯. ગુરુપૂર્ણિમા
૫૦. ગુરુવંદના
૫૧. ધન્યો ગૃહસ્થાશ્રમ
૫૨. ધન્યો ગૃહસ્થાશ્રમ અને મહાસતી અનસૂયા
૫૩. ધૂન
૫૪. કરુણામૂર્તિ 'મા'
૫૫. જ્ઞાનકાંડની પાત્રસૃષ્ટિ
૫૬. કર્મોપાસન માર્ગ સિદ્ધાંત (લેખકઃ ડૉ. જયેન્દ્રભાઈ દવે)
૫૭. તત્ત્વમસિ
૫૮. શ્રીસદ્‌ગુરુમહિમામૃત
૫૯. રંગલીલાસાર
૬૦. રંગસુબોધ
૬૧. રંગમાતૃવંદના
૬૨. રંગ પ્રેમામૃત વાણી
૬૩. રંગ પ્રેમ પીયૂષ
૬૪. રંગ નિલમ મિલનસાર
૬૫. શ્રીગુરુલીલામૃત પારાયણ
૬૬. શ્રીગુરુલીલામૃતની પાર્શ્વભૂમિકા
૬૭. અવધૂતેર રંગ
૬૮. રંગ-પ્રસંગ-રંગ (ભાગ ૧ થી ૪)
૬૯. રંગં વંદે જગદ્‌ગુરુમ્‌
૭૦. વંદના
૭૧. વિષ્ણુ દત્ત ઉપાસના

૭૨. વેદમાતા ગાયત્રી

૭૩. માત-પિતાને વંદના

૭૪. માતૃદેવો ભવ

૭૫. બોધવૈભવ

૭૬. બોધામૃતાર્ણવ

૭૭. સંભારણા

૭૮. શરણાગતિ

૭૯. ભાવાંજલિ

૮૦. ઋણસ્વીકાર

૮૧. સ્મરણાંજલિ

૮૨. સત્યનારાયણ વ્રતકથા

૮૩. હસી-ખુશી (ટૂચકાઓ)

૮૪. સ્વપ્ને દર્શન રંગના

૮૫. નવધા ભક્તિ

૮૬. નિજાનંદ

૮૭. નિર્વાણદીપ

૮૮. કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્

૮૯. સંપુટિત દત્તબાવની

૯૦. દત્તનામસંકીર્તન (સાર્થ)

૯૧. ૐ નમઃ શિવાય (નાની)

૯૨. ૐ નમઃ શિવાય (મોટીઃ ષોડશોપચાર પૂજનવિધિ સાથે)

૯૩. શિવપ્રેમસ્તવન

૯૪. શ્રીરામ અષ્ટોતર શત

૯૫. શ્રીરામાયણ અંતાક્ષરી

૯૬. પ્રભાતિયાં

૯૭. પ્રશ્નોત્તરમાલા
૯૮. 'પ્રેમ'
૯૯. પ્રેમ અમીધારા
૧૦૦. પ્રેમધ્વનિ
૧૦૧. પ્રેમચાલીસા
૧૦૨. પ્રેમનામ પીયૂષ
૧૦૩. પ્રેમપ્રશસ્તિ (લેખિકાઃ અંજની ઉપાધ્યાય)
૧૦૪. પ્રેમપ્રશસ્તિ પૂર્તિ (લેખિકાઃ અંજની ઉપાધ્યાય)
૧૦૫. પ્રેમ પ્રેરણા પીયૂષ
૧૦૬. પ્રેમાંજલિ (નાની)
૧૦૭. પ્રેમાંજલિ (મોટી)
૧૦૮. પ્રેમ-મૈત્રી
૧૦૯. પ્રેરણાદાયી પ્રસંગો
૧૧૦. સેવાતપ કલિતાર
૧૧૧. સેવાસૌરભ (ભાગ ૧-૨)
૧૧૨. માનવતાની મહેંક (ગદ્ય)
૧૧૩. માનવતાની મહેંક (પદ્ય)
૧૧૪. પ્રેમ સેવામૂર્તિ ચરિત્ર (ભાગ ૧-૨)
૧૧૫. દત્તનામસંકીર્તન (વિસ્તૃત સમજ)
૧૧૬. રંગદેવનામસુધા
૧૧૭. શ્રીગુરુલીલામૃત-અમૃતવર્ષ
૧૧૮. કૃષ્ણ-પ્રેમ-ગાથા



એક બુંદ

લીંચગામ બન્યું તીર્થધામ



આંબા નીચે શ્રી બચુભાઈના માતા શાંતાબા અને પિતા કૃપાશંકરદાદા સાથે પ.પૂ.બાપજી, ૧૪ જાન્યુઆરી,૧૯૬૫, અવધૂત કુટિર, લીંચ.

અવધૂત કુટિર, લીંચ.

અવધૂતી
આનંદ-મસ્તી
(૭૫ ભજનો-અર્થ અને વિવરણ સહિત)




વિવરણકાર
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

દત્તનામ સંકીર્તન
(દત્તબાવની - દત્તદશક- આરતી - વંદના)
(અર્થ અને સમજુતી સહિત)




સંપાદક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

બાળકોનાં રંગદાદા
ભાગ-૧



લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય


BALAKONA PREMUDADA
Premudada of Kids
Part: I



: Translator :
Gajendra B. Dave


: Author :
Prof. Kulin G. Upadhyay

શ્રીરંગ પાદુકા પૂજન પદ્ધતિ
ૐ



સંપાદક
પ્રા. કુલીન ઉપાધ્યાય

શ્રીગુરુલીલામૃતનો શબ્દકોશ



શ્રીપ્રેમ-સેવામૂર્તિ-ચરિત્ર



ભાગ : ૨
:લેખક:
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



૭૫ વર્ષ
દત્તબાવનીનો
અમૃત મહોત્સવ

સચિત્ર દત્તબાવની
અર્થ-વિવરણ સાથે

: સંપાદક :
પ્રા. કુલીન ઉપાધ્યાય



રચયિતાનો પરિચય

રંગ અવધૂત બાપજી અને પ્રેમ અવધૂત બાપુજીના કૃપાપાત્ર એવા પૂ. કુલીનભાઈ ઉપાધ્યાયનો પરિચય રંગપરિવારના ભક્તોને આપવો એ ખૂબ અઘરું છે. કુલીનભાઈએ પૂ.બાપજી વિશે રચેલ સાહિત્યનું ઊંડાણ જોતા ભાગ્યે જ ખ્યાલ આવે કે વ્યવસાયે તેઓ એકાઉન્ટન્સી અને મેનેજમેન્ટના પ્રાધ્યાપક હતા! પૂ.બાપજી સદેહે હતા ત્યારે તેમના સત્સંગ અને સહવાસનો લાભ કુલીનભાઈને ના મળ્યો. પરિવારમાં ઘણો મોડો પ્રવેશ થયો. પરંતુ બાપજીએ ટૂંક સમયમાં એવા રંગી દીધા કે એમના સાહિત્ય અને સંપર્ક દ્વારા અનેક લોકો બાપજીના રંગે રંગાયા.

બાપજીની કૃપાથી પૂ. પ્રેમ અવધૂતજીએ કુલીનભાઈને રંગપ્રેમથી ભીંજવી દીધા. રંગપરિવાર માટે "ઓલ ઈન વન" એવા કુલીનભાઈએ બાપજી વિષે અનેક પ્રકારના ગદ્ય અને પદ્ય રચ્યા, સંગીતમય પાદુકાપૂજન ગુજરાતી સમશ્લોકી સાથે કરાવ્યા. ગુરુલીલામૃતની કથા કરી. ઘણા કાર્યક્રમોનું સંચાલન કર્યું અને રંગપરિવારના ઘણાં કુટુંબોને બાપજી સમજાવ્યા તથા સુખ-દુઃખમાં સાથ આપ્યો. પરિવારના દરેક ઉંમરના વ્યક્તિને એટલી ખાતરી છે કે ક્યાંક અટકીએ તો કુલીનકાકા પાસે નિરાકરણ મળી જ જાય.

એમના પિતાજી શ્રી ગણપતિશંકર ઉપાધ્યાય (પાપીગણુ)ને વાંસદામાં પૂ.બાપજીએ સ્વકંઠે "ગાયતી રેવા રવ મધુરમ્" સંભળાવેલું. પાપીગણુએ બાપજીને ભજન સંભળાવેલું. બસ, સમગ્ર કુટુંબ પર રંગે રંગ છાંટી દીધો. કુલીનભાઈના બધા જ ભાઈ-બહેન અને એમના બાળકો બાપજીના ભક્ત છે. જીવનસાથી અંજનીબેન પણ વ્યવસાયે પ્રાધ્યાપક, સાહિત્ય તથા સંગીતમાં ઊંડો રસ અને સમજ. માત-પિતા તરફથી ભક્તિ, અંજનીબેનનો સંગાથ અને પ્રેમકૃપા- કેવો અદ્‌ભુત ત્રિવેણી સંગમ!

નવસારીના નાનકડા ગામ વાંસદામાં જન્મ. અત્યંત ગરીબી. ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદ આવ્યા. M.Com.; B.A. ભણ્યા. વિદ્યાર્થી તરીકે કોઈ પણ વિષયના ઊંડાણમાં જવાની ટેવ. આવી રીતે થયેલ જીવનઘડતરની સોડમ આજે એમના સાહિત્યમાં મહેંકે છે. પૂ.બાપજી વિષે, બાપજીના જીવન વિષે, એમના સાહિત્ય વિષે, ભક્તો વિષે- જ્યાંથી મળે ત્યાંથી વિગતો મેળવવી, એની ચકાસણી કરવી, વિદ્વાનો સાથે ચર્ચા કરવી, અન્ય ગ્રંથો સાથે સાંકળવી, વગેરે ખૂબ મહેનત. એમનું સાહિત્ય વાંચીએ ત્યારે સખત પરિશ્રમ ઊડીને આંખે વળગ્યા વિના રહે નહીં.

એમના જ ભજનની પંક્તિ ટાંકીએઃ

"પાપીગણુને રંગ પ્રેમ દઈ દીધો, પોતાનો જાણીને પંપાળી લીધો."

- હેતલ, હર્ષલ, જૂઈ